CMYK CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ મહા વદ -૬    શનિવાર, તા.૦૭-૦૨-૨૦૨૬    અંક : ૩૩ વર્ષ : ૨૧    jamnagar@aaspassaindia.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# PoK ભારતનો હિસ્સો છે, અમેરિકાએ પણ સ્વીકાર્યું

## PoK ભારતનું અભિન્ન અંગ છે અને પાકિસ્તાને તેના પર ગેરકાયદે કબજો જમાવ્યો છે. હવે અમેરિકાએ પણ ભારતની આ વાત પર મહોર મારી દીધી છે, નક્શો જોઈ શાહબાઝ-મુનીરની ઊંઘ હરામ

નવીદિલ્હી,

અમેરિકા તરફથી પાકિસ્તાન માટે માઠા સમાચાર આવ્યા છે. અમેરિકા અને ભારતે ટ્રેડ ડીલ માટેનું ફ્રેમવર્ક જાહેર કર્યું છે, પરંતુ આનાથી પાકિસ્તાનની ચિંતામાં મોટો વધારો થયો છે. સવાલ એ છે કે, અમેરિકાએ એવું તો શું કર્યું કે શહબાઝ શરીફ અને આસિમ મુનીરની ઊંઘ ઉડી ગઈ? હકીકતમાં, અમેરિકાએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર એટલે કે PoK ને ભારતનો હિસ્સો માન્યો છે. ભારત હંમેશા માનતું આવ્યું છે કે, PoK ભારતનું અભિન્ન અંગ છે અને પાકિસ્તાને તેના પર ગેરકાયદે કબજો જમાવ્યો છે. હવે અમેરિકાએ પણ ભારતની આ વાત પર મહોર મારી દીધી છે. અમેરિકાએ જે નકશો જાહેર કર્યો છે, તે સ્પષ્ટ દર્શાવે છે કે પાકિસ્તાનનો કબજો ગેરકાયદેસર છે અને PoK ભારતનો જ ભાગ છે.

અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ઓફિસ (USTR) એ ભારત-અમેરિકાના નવા વચગાળાના ટ્રેડ એગ્રીમેન્ટની માહિતી આપતી વખતે જે નકશાનો ઉપયોગ કર્યો છે, તેને જોઈને પાકિસ્તાની શાસકો ચોંકી ગયા છે. અમેરિકા દ્વારા જાહેર કરાયેલા નકશામાં સમગ્ર કાશ્મીરને ભારતનો હિસ્સો બતાવવામાં આવ્યો છે. આ નકશા મુજબ, પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) પણ ભારતમાં સામેલ છે. આ નકશામાં ન તો કોઈ લાઈન ઓફ કંટ્રોલ (LoC) છે કે ન તો કોઈ વિવાદિત વિસ્તાર; બધું જ સ્પષ્ટપણે ભારતનું બતાવવામાં આવ્યું છે.

હકીકતમાં, USTR એ ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરારના વચગાળાના ફ્રેમવર્ક સાથે જોડાયેલી એક પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં અમેરિકન ઉત્પાદનો (જેમ કે ડ્રાય ફ્રૂટ્સ, ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેન, લાલ જુવાર, ફળો વગેરે) માટે ભારતમાં નવા બજાર ખુલવાની વાત હતી. અમેરિકાએ પોતાની પોસ્ટમાં લખ્યું, 'ટ્રી નટ્સ અને ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેનથી લઈને લાલ જુવાર અને તાજા તથા પ્રોસેસ્ડ ફળો સુધી, અમેરિકા-ભારત સમજૂતી અમેરિકન ઉત્પાદનો માટે નવા માર્કેટ એક્સેસ આપશે.' પરંતુ આ પોસ્ટ સાથે જોડાયેલા નકશાએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જેમાં PoK ને ભારતનો ભાગ બતાવવામાં આવ્યો છે.

અમેરિકા તરફથી જાહેર કરવામાં આવેલો આ નકશો માત્ર એક તસવીર નથી, પરંતુ અમેરિકાની બદલાતી વિચારધારાનો મોટો સંકેત છે. ભારત હંમેશા કહેતું રહ્યું છે કે, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો આખો વિસ્તાર ભારતનો અભિન્ન અંગ છે. જેમાં PoK અને ગિલગિટ-બાલ્ટિસ્તાન પણ સામેલ છે. હવે અમેરિકાના સત્તાવાર એકાઉન્ટ પરથી આવો નકશો આવવાનો અર્થ એ છે કે, વોશિંગ્ટન ભારતની વાત સ્વીકારી રહ્યું છે. આ એવો સંકેત પણ છે કે, અમેરિકા હવે PoK ના મુદ્દે તટસ્થ નથી. આ બાબત તાજેતરમાં થયેલી ભારત-અમેરિકા ટ્રેડ ડીલની સાથે સામે આવી છે. બંને દેશોએ ટેરિફ ઘટાડવા અને ટ્રેડ ડીલના ફ્રેમવર્ક પર સહમતિ સાધી છે.

# ટ્રમ્પે ભારત પર દંડરૂપે લગાવેલો ૨૫% ટેરિફ હટાવ્યો, ટ્રેડ ડીલનું માળખું જાહેર



નવીદિલ્હી,

ભારત અને અમેરિકા વચ્ચે છેલ્લા એક વર્ષથી ચાલી રહેલા વ્યાપારી તણાવનો આખરે અંત આવ્યો છે. શનિવારે વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદન અનુસાર, બંને દેશો વચ્ચે એક વચગાળાના વ્યાપાર કરાર પર સહમતી સધાઈ છે, જે દ્વિપક્ષીય સંબંધોમાં એક નવા વ્યૂહાત્મક યુગની શરૂઆત માનવામાં આવે છે. આ સમજૂતીમાં સૌથી મહત્ત્વનું એ છે કે પ્રમુખ ટ્રમ્પે એ કાર્યકારી આદેશ પર સહી કરી દીધી છે જે હેઠળ રશિયા પાસેથી ઓઈલ ખરીદવાને કારણે ભારત પર લગાવેલો ૨૫% ટેરિફર રદ કરી દેવામાં આવ્યો છે. કરાર હેઠળ હવે અમેરિકા ભારત પાસેથી ફક્ત ૧૮% ટેરિફ વસૂલશે.

આ કરાર હેઠળ ખાસ કરીને ફૂટવેર અને લેધર ઈન્ડસ્ટ્રીને મોટી રાહત મળી છે. ૧૮% ટેરિફના નવા નિયમથી વૈશ્વિક બજારમાં ભારતીય જૂતા અને ચામડાની વસ્તુઓની સ્પર્ધાત્મકતા વધશે. આ ઉપરાંત, રાષ્ટ્રીય સુરક્ષાના આધારે લાદવામાં આવેલા વધારાના શુલ્ક પણ પાછા ખેંચવામાં આવ્યા છે. આ રાહત બાદ ભારતીય ઉત્પાદનો હવે વિયેતનામ અને ચીન કરતા અમેરિકી બજારમાં વધુ સસ્તા અને સુલભ બનશે.

# અંબાજી યાત્રાધામના ૯૫૦ કરોડના 'શક્તિ કોરિડોર'નું CM ભૂપેન્દ્ર પટેલે ખાતમુહૂર્ત કર્યું

## મુખ્યમંત્રીએ મા અંબાના ચરણોમાં શીશ ઝુકાવી, વિધિવત પૂજા-અર્ચના કરી ગુજરાતની સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી





બનાસકાંઠા,

વિશ્વપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી હવે નવીનતમ સ્વરૂપે ઝળહળશે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે શનિવારે અંબાજી ખાતે શક્તિપીઠના કાયાકલ્પ સમાન ૯૫૦ કરોડના 'શક્તિ કોરિડોર' પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું ભવ્ય ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રોજેક્ટથી અંબાજી માત્ર ભારત જ નહીં, પરંતુ વિશ્વ કક્ષાના આધુનિક યાત્રાધામ તરીકે ઉભરી આવશે.

મુખ્યમંત્રી આજે સવારે અંબાજી નજીકના ચીખલા હેલિપેડ ખાતે ઉતરાણ કર્યું હતું, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેઓ મોટર માર્ગે સીધા અંબાજી મંદિર પહોંચ્યા હતા. મુખ્યમંત્રીએ મા અંબાના ચરણોમાં શીશ ઝુકાવી, વિધિવત પૂજા-અર્ચના કરી ગુજરાતની સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી. અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રી અને તેમની સાથે આવેલા મંત્રીમંડળના સભ્યોનું પરંપરાગત રીતે સ્વાગત કરાયું હતું.

મુખ્યમંત્રીના પ્રવાસ અને પ્રોજેક્ટના મહત્વને જોતા બનાસકાંઠા પોલીસ દ્વારા અંબાજી અને આસપાસના વિસ્તારોમાં ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. હેલિપેડથી મંદિર સુધીના માર્ગ પર પોલીસનો કાફલો તહેનાત કરવામાં આવ્યો હતો.

# આજથી T20 વર્લ્ડ કપનો થશે પ્રારંભ

## પ્રથમ દિવસે ત્રણ મેચ, વાનખેડેમાં ભારત-અમેરિકા વચ્ચે ટક્કર



મુંબઈ,

આજથી ક્રિકેટના સૌથી ટૂંકા અને રોમાંચક ફોર્મેટ એવા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નો શંખનાદ થવા જઈ રહ્યો છે. ભારત અને શ્રીલંકાની યજમાનીમાં રમાનારા આ મહાકુંભમાં કુલ ૨૦ ટીમો ભાગ લઈ રહી છે. આ વખતે મેદાન પર રમાનારી મેચોની સાથે-સાથે મેદાનની બહારની રાજનીતિ અને વિવાદો પણ ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત આ વખતે સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપમાં પોતાનો ખિતાબ બચાવવા મેદાનમાં ઉતરશે.

વર્લ્ડ કપના પ્રથમ દિવસે ક્રિકેટ પ્રેમીઓને ત્રણ મેચનો ડોઝ મળશે. ઉદ્ઘાટન મેચ સવારે ૧૧ વાગ્યે કોલંબોમાં પાકિસ્તાન અને નેધરલેન્ડ વચ્ચે રમાશે. ત્યારબાદ બપોરે ૩ વાગ્યે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં વેસ્ટ ઈન્ડિઝ અને સ્કોટલેન્ડ વચ્ચે ટક્કર થશે. દિવસની સૌથી લોકપ્રિય મેચ સાંજે ૭ વાગ્યે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે, જ્યાં યજમાન ભારત અને અમેરિકાની ટીમો આમને-સામને હશે.

# પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં ભયાનક બ્લાસ્ટ, ૩૧ના મોત

## ૧૬૦થી વધુ લોકો ઘાયલ, ઈસ્લામાબાદમાં ઈમરજન્સી જાહેર



ઈસ્લામાબાદ,

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદના તરલાઈ વિસ્તારમાં આવેલી ઈમામ બારગાહ ખદીજત-ઉલ-કુબરામાં ભયાનક બ્લાસ્ટ થયો છે. બ્લાસ્ટ બાદ આખા વિસ્તારમાં અફરા-તફરી મચી ગઈ છે. બ્લાસ્ટ બાદ તરત જ ઈસ્લામાબાદમાં ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે.

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં શુક્રવારની નમાજ દરમિયાન એક શિયા મસ્જિદ (ઈમામ બારગાહ)ની બહાર થયેલા બોમ્બ બ્લાસ્ટે આખા શહેરને હચમચાવી દીધું છે. તરલાઈ વિસ્તારમાં આવેલી ઈમામ બારગાહ ખદીજાત-ઉલ-કુબરા ખાતે થયેલા આ બ્લાસ્ટ પછી ચારેકોર ચીસા-ચીસો થઈ રહી હતી. સ્થાનિક મીડિયા અનુસાર, આ બ્લાસ્ટમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૧ લોકોના મોત થયાં છે, જ્યારે ૧૬૦થી વધુ લોકો ઘાયલ થયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે.જ્યારે આ બ્લાસ્ટ થયો, ત્યારે મસ્જિદમાં નમાજ માટે મોટી સંખ્યામાં લોકો હાજર હતા, જેના કારણે મૃત્યુઆંક વધી શકે છે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. બ્લાસ્ટ બાદ તરત જ ઈસ્લામાબાદમાં ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે. પોલીસ, રેસ્ક્યુ અને ફોરેન્સિક ટીમો ઘટનાસ્થળે પહોંચી અને આખા વિસ્તારને સીલ કરીને તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

# ઉત્તરાખંડ- નેપાળ સરહદ નજીક અકસ્માતમાં ૧૩ લોકોના મોત

પિથોરાગઢ,

ઉત્તરાખંડ-નેપાળ સરહદ નજીક એક ભયાનક અકસ્માત થયો છે. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૩ લોકોના મોત થયા છે અને ૩૪ થી વધુ લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટના લગ્નના જાનૈયાઓને લઈ જતી બસ કાબુ બહાર થતા સર્જાઈ હતી. તેમજ તે ૨૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માત નેપાળના બૈતાડી જિલ્લાના પુરચૌરી-૭ વિસ્તાર નજીક થયો હતો. જે ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં ઝુલાઘાટ સરહદને અડીને આવેલો છે. આ અંગે મળતી માહિતી મુજબ બસ ઓવરલોડ હતી. તેમજ અકસ્માતનું સાચું કારણ જાણવા માટે તપાસ કરવામાં આવી રહી છે.આ બસ જાનૈયાઓને લઈને બૈતાડીથી બજંગ જઈ રહી હતી. જે બસે ગુરુવારે મોડી રાત્રે બૈતાડીના પુરચુની નગરપાલિકાના ૭ ભવાન ગામથી સુનકુડા નજીક બડગાંવ વળાંક પર નિયંત્રણ ગુમાવ્યું હતું અને લગભગ ૨૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હતી. આ અકસ્માતમાં ઘાયલોને સ્થાનિક લોકોએ બચાવીને નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જેમાં અનેક ઘાયલોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.આ બસ અકસ્માતમાં ૬ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે દાડેલધુરા હોસ્પિટલમાં ૫ લોકોના મોત અને કોટિલા હોસ્પિટલમાં ૨ લોકોના મોત થયા. તેમજ બસ ઓવરલોડ હોવાના લીધે ચઢાણ ચડી શકી નહી અને ઊંડી ખીણમાં પડી હતી.

# અમેરિકા-ઈરાન વચ્ચેની બેઠક 'ફેલ' થતાં ટ્રમ્પે નવા પ્રતિબંધ ઝીંક્યા

## ટ્રમ્પની 'મેક્સિમમ પ્રેશર' નીતિ હેઠળ લેવાયેલા નિર્ણયથી તેહરાન હાલ ફસાયેલું

તહેરાન,

ઈરાનના પરમાણુ કાર્યક્રમને લઈને ઓમાનની રાજધાની મસ્કતમાં બંને દેશો વચ્ચે ચાલેલી પરોક્ષ વાતચીત હજુ માંડ પૂરી થઈ હતી, ત્યાં જ અમેરિકાએ ઈરાન વિરુદ્ધ કડક તેલ પ્રતિબંધોની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા છે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાન તેલની કમાણીનો ઉપયોગ દુનિયામાં અસ્થિરતા ફેલાવવા અને પોતાના દેશમાં લોકોનું દમન કરવા માટે કરે છે, તેથી તેના તેલ નિકાસને રોકવુ જરૂરી છે. ડોનાલ્ડ ટ્રમ્પની 'મેક્સિમમ પ્રેશર'(મહત્તમ દબાણ) નીતિ હેઠળ લેવાયેલા આ નિર્ણયથી તેહરાન હાલ ફસાયેલું જોવા મળી રહ્યું છે.આ નવા પ્રતિબંધોમાં અમેરિકાએ ઈરાની તેલ વહન કરતા ૧૪ જહાજોને નિશાન બનાવ્યા છે, જેમાં તુર્કીયે, ભારત અને યુનાઈટેડ આરબ એમિરેટ્સ (UAE)ના ધ્વજ ધરાવતા જહાજોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૧૫ કંપનીઓ અને ૨ વ્યક્તિઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હવે આ જહાજો કે સંસ્થાઓ સાથેનો કોઈપણ વ્યવહાર અમેરિકન કાયદા મુજબ ગેરકાયદેસર ગણાશે. અમેરિકન વિદેશ મંત્રાલયના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે ટ્રમ્પ પ્રશાસન ઈરાનના ગેરકાયદે તેલ અને પેટ્રોકેમિકલ નિકાસને રોકવા માટે મક્કમ છે.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ઓમાનની વાતચીતને હકારાત્મક ગણાવી હતી, પરંતુ અમેરિકાએ વાતચીતની સાથે દબાણ ચાલુ રાખવાની પોતાની રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે. ઈરાનમાં ચાલી રહેલા આંતરિક વિરોધ પ્રદર્શનો અને પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે અમેરિકાએ ઈરાનના દરિયાકાંઠા પાસે સૈન્ય હાજરી પણ વધારી દીધી છે. નિષ્ણાતો માને છે કે અમેરિકા એક તરફ રાજદ્વારી માર્ગ ખુલ્લો રાખીને બીજી તરફ આર્થિક અને સૈન્ય રીતે ઈરાનને ઘૂંટણિયે લાવવા માંગે છે.

# ચેક રિટર્ન થાય તો તુરંતજ ઓનલાઈન ચૂકવણી કરી કેસનો નિકાલ થઈ શકશે

## ઓનલાઈન ચૂકવણીની નવતર સિસ્ટમ અમલી બનાવવામાં આવી

અમદાવાદ,

ચેક બાઉન્સના કેસોના ભરાવાને લઇ તેના ઝડપી નિકાલ અને ત્વરિત ન્યાયની અનોખી પહેલના ભાગરૂપે આજથી ચેક રિટર્નની તમામ ૨૫ કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળના કેસોમાં ઓનલાઇન ચૂકવણીની નવતર સિસ્ટમ અમલી બનાવવામાં આવી છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ અમદાવાદની ચેક રિટર્નની કોર્ટોમાં આ નવી પદ્ધતિ લાગુ કરવામાં આવી છે. જેને લઇને હવે જે તે પક્ષકારો તેમના પેમેન્ટના વિવાદ કે તકરારમાં તાત્કાલિક કયુઆર કોડ સ્કેન કરી તરત જ પેમેન્ટ કરી શકશે, જેના કારણે કેસોનો સ્થળ પર જ ઝડપી નિકાલ શક્ય બનશે.

ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ શહેરના તાબાની ચેક રિટર્નની તમામ કોર્ટોમાં આ નવતર સીસ્ટમ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ઈલેશ વોરાના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવી છે. ચેક રિટર્નના પડતર લાખો કેસોના ઝડપી નિકાલમાં આ નવી સીસ્ટમથી ઘણી મદદ મળી રહેશે. ચેક રિટર્નના કેસોમાં ઓનલાઇન ચૂકવણીની નવી સુવિધાના વિકલ્પ અંગે વાસ્તવમાં સુપ્રીમકોર્ટે એક ચુકાદામાં નિર્દેશ આપ્યા હતા, જેમાં તમામ જિલ્લા અદાલતોને સમન્સના તબક્કે જ આરોપીને ચેકની રકમ ઓનલાઇન ભરપાઇ કરવાનો વિકલ્પ આપવા પણ નિર્દેશ અપાયો હતો કે જેથી વેળાસર કેસમાં સમાધાન અને તેના નિકાલની પ્રક્રિયા ઝડપી શકય બને.

CMYK CMYK

# દ્વારકા જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમની સમીક્ષા કરતા રોલ ઓબ્ઝર્વર મિશ્રા






દ્વારકા : ભારતીય ચૂંટણી પંચના સ્પેશ્યલ રોલ ઓબ્ઝર્વર કે.કે.મિશ્રાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન,ખંભાળિયા ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લાની બન્ને વિધાનસભામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં સ્પેશ્યલ રોલ ઓબ્ઝર્વરએ જણાવ્યું હતું કે, મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ડુપ્લીકેટ નામો દૂર કરવા, છજીઙ્ઢ (ગેરહાજર, સ્થળાંતરિત થયેલા અને મૃત) મતદારોનું મેપિંગ અને લાયક મતદારોનો સમાવેશ કરી લોકશાહીને સશક્ત બનાવવાનો છે. આ કામગીરીના અંતે એક નવી, અત્યંત પારદર્શક અને અદ્યતન મતદારયાદી પ્રાપ્ત થશે, જે ભવિષ્યની ચૂંટણી પ્રક્રિયાઓને વધુ સરળ, સુદ્રઢ અને પારદર્શી બનાવશે. વધુમાં રોલ ઓબ્ઝર્વેરએ ઉમેર્યું હતું કે, મતદારયાદી સુધારણા એ માત્ર વહીવટી પ્રક્રિયા નહીં, પરંતુ રાષ્ટ્ર નિર્માણનું પણ કાર્ય છે. ઘણા વર્ષો બાદ જ્યારે વ્યાપક સ્તરે મતદાર યાદી સુધારણા થઈ રહી છે, ત્યારે તમામ અધિકારીઓને આ કામગીરી 'મિશન મોડ' માં હાથ ધરીને નક્કી કરેલી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જરૂરી સૂચના આપી હતી. ઉપરાંત, તમામ અધિકારીઓને બાકી રહેલી હિયરીંગ, નોટિસ બજવણી, હક્ક-દાવા અને વાંધા અરજીઓની કામગીરી ચોકસાઈપૂર્વક અને ઝડપથી પૂર્ણ કરવા માટે દિશાસૂચક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર રાજેશ એમ.તન્નાએ જિલ્લામાં થયેલી ડ્રાફ્ટ રોલની કામગીરી વિશે રોલ ઓબ્ઝર્વેર કે.કે. મિશ્રાને વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. તેમણે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નિયત સમયમર્યાદામાં દરેક લાયક નાગરિક સાથેની સર્વસમાવેશી, ક્ષતિરહિત મતદારયાદી બનાવવાનું કાર્ય પૂર્ણ થાય એ મુજબ સુનિયોજિત કામગીરી થઈ રહી છે. બેઠકમાં દેવભૂમિ દ્વારકાના બન્ને વિધાનસભાના ઈઈઓએ પોતાની વિધાનસભામાં હાલ સુધીમાં જૈંઈ કામગીરીની વિગતો આપી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એ.જે. રાજપુત તથા તમામ છઈઈશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઢીંચડા નજીક કોંક્રિટ પ્લાન્ટને લીધે ફેલાતું પ્રદુષણ અટકાવવા કમિશનરને રજુઆત

જામનગર : જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧ માં ઢીચડા રોડ ઉપર આવેલ કોંક્રીટનો માલ બનાવવાના બે પ્લાન્ટોને કારણે ફેલાતા પ્રદુષણ અને થયેલ દબાણને દૂર કરવા અંગે પૂર્વ કોર્પોરેટર હુસેનાબેન સંધારે મહાનગરપાલિકાના કમીશ્નરને પત્ર પાઠવી રજુઆત કરી છે.

જામનગર શહેરના વોર્ડ નં. ૧ ના ઢીચડા રોડ ઉપર રસ્તાની બન્ને બાજુ સામસામે આવેલ બાંધકામનો કોંક્રીટનો માલ બનાવવાના બે પ્લાન્ટોને કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં ડસ્ટ, સીમેન્ટ, રેતી, કાંકરી અને અન્ય વપરાશના મટીરીયલ્સનું પ્રદુષણ ફેલાઈ રહ્યું છે. જેને કારણે આસપાસના વિસ્તારમાં રહેતા રહેવાસીઓ, વૃક્ષો, પશુ-પક્ષિઓ વિગેરેને મોટા પ્રમાણમાં નુકશાન થઈ રહ્યું છે. ઉપરાંત આ પ્લાન્ટના માલિકો દ્વારા નીકળતા કચરાનો અને બિનઉપયોગી મટીરીયલ્સનો તેમજ વધતો કોંકીટનો માલ રસ્તા ઉપર અને આરસપાસના વિસ્તારની ખાલી જગ્યામાં નાખવામાં આવે છે અને તે હવામાં ફેલાઈ છે અને રસ્તા ઉપર દબાણ ઉભું કરે છે. આ પ્લાન્ટની બહાર પ્લાન્ટ માલિકનું નામ કે કંપનીનું નામ દર્શાવતું સાઈન બોર્ડ લગાડેલ નથી જે આ પ્લાન્ટની કાયદેસરતા અંગે શંકા ઉભી કરે છે.

આ ઉપરાંત આ પ્લાન્ટના ઉપયોગમાં લેવાતા ભારે વાહનો રસ્તા ઉપર રાખવામાં આવે છે જે પણ રસ્તા ઉપર દબાણ ઉભું કરે છે. આ બન્ને પ્લાન્ટોની આસપાસના ૧૦૦ મીટરના અંતરમાં રહેણાંકો, સ્કુલો, અનાજના ગોડાઉનો અને દરિયાઈ વિસ્તાર આવેલ છે જેથી ફેલાતા પ્રદુષણ અને દબાણને કારણે ખુબ જ મુશ્કેલી ઉભી થઈ રહી છે. અહિંની સ્કુલોમાં ભણવા આવતા બાળકોના તેમજ રહેણાંક વિસ્તારના રહેવાસીઓની અને દરિયાઈ જીવસૃષ્ટિ તેમજ પર્યાવરણને ખુબ જ નુકશાન થઈ રહ્યું છે. તેમજ આ વિસ્તારના રહેવાસીઓ અનેક ગંભીર બિમારીઓનો ભોગ બની રહ્યા છે. ઉપરોક્ત બન્ને પ્લાન્ટો ઉપરાંત જામનગર શહેરમાં હાપા રેલ્વે કોલોની પાસે અને હાલમાં જુની પોલીસ લાઈન પાસે આવા પ્લાન્ટ કાર્યરત છે જે શહેરની જનતાના સ્વાસ્થ્યને નુકશાન કરનાર અને હવાને પ્રદુષીત કરનાર છે.અમોને પુરી શંકા છે કે આ પ્લાન્ટ નાખવા માટે સરકારશ્રીના નિયમ મુજબ લેવી પડતી જરૂરી મંજુરીઓ અને રાખવી પડતી સલામતી અને પ્રદુષણ નિવારણની જોગવાઈઓની અમલવારી કરવામાં આવી રહી નથી પરંતુ આ બાબતે જવાબદાર લગત વિભાગની બેદરકારી કે ભ્રષ્ટાચારને ગભીર બાબત અને અન્યાયકર્તા હોવાનું પૂર્વ કોર્પોરેટર હુસેનાબેન સંધારે પત્રમાં જણાવ્યું છે.

# જામનગરના વોર્ડ નં. ૭માં ધારાસભ્ય દિવ્યેશ અકબરીના હસ્તે ૮ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત






જામનગર : જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરીના પ્રયાસોથી તેઓના વિધાનસભા વિસ્તારમાં વોર્ડ નંબર ૭ માં વધુ ૪૬૪.૦૧ લાખના ખર્ચે ૮ જેટલા વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.

જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા શહેરી વિકાસ યોજના અંતર્ગત જુદા જુદા વિકાસ કામો ની યાદી તૈયાર કરીને અલગ અલગ વિસ્તારમાં વિકાસ કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે.

જેના ભાગરૂપે તા. ૫.૨ ના વોર્ડ નંબર ૭માં આવેલા સોહમનગર પાવનડેરી થી ધવલ પ્રોવિઝન સ્ટોર તરફ અને સોહમનગર શેરી નં. ૪ સુધી સી.સી. રોડ, ત્યારબાદ વિશાલ હોટલ પાસે, શ્રીજી મોટર સર્વિસથી પ્રગતિ ટેનામેન્ટ સુધી જતા વસંતકુંજ એપાર્ટમેન્ટ સુધી સી.સી. રોડ, જ્યારે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની અંતરમાળખાકીય સુવિધાની ગ્રાન્ટ અંતર્ગત ખંભાળીયા રોડ પર હોટલ વિશાલ પાસેથી સત્યમ કોલોની અંડર બ્રીજને જોડતી હયાત કેનાલને આર.સી.સી. બોક્સ કેનાલ બનાવવાના કામ, ત્યારબાદ ઓશવાળ ૩ સોસાયટી શેરી નં. ૩ માં કાનાભાઈ ભારવાડીયાના ઘરથી વિજયભાઈ પરમારના ઘર સુધીના સી.સી. રોડના કામ, જ્યારે સર્વમંગલ સોસાયટીમાં શૈલેષભાઈ પંડયાના ઘરથી પુરોહીત સ્કૂલ તરફ જતા રસ્તા પર આડી-ઉભી શેરીમાં સી.સી. રોડના કામ, શક્તિ સોસાયટી શેરી નં બે સહિતની આંતરીક શેરીઓમાં સી.સી. રોડના કામ, જ્યારે મકવાણા સોસાયટી શેરી નં. ૨માં તિરુપતી પાનથી પી.પી. એન્ટરપ્રાઈઝ સુધી સી.સી. રોડના કામ, ત્યાર પછી મકવાણા સોસાયટી શેરી નં.૩માં ભોજાભાઈના ઘરવાળી શેરીમાં સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત કરાયું હતું.

ઉપરોક્ત તમામ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત સમયે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીની સાથે જામનગર મહાનગરપાલિકાના મેયર વિનોદભાઈ ખીમસુરીયા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, શાષક પક્ષના નેતા આશિષભાઇ જોષી, દંડક કેતનભાઇ નાખવા, ભારતીય જનતા પાર્ટીના શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી, મહામંત્રી ભાવેશભાઈ ઠુંમર, વોર્ડ નાં ૭ ના કોર્પોરેટર ગોપાલભાઈ સોરઠીયા, અરવિંદભાઈ સભાયા, લાભુબેન બંધીયા, પ્રભાબેન ગોરેચા તથા શહેર ભાજપ ના અન્ય અગ્રણીઓ, વોર્ડ નાં. ૭ ના ભારતીય જનતા પાર્ટીના વોર્ડ પ્રમુખ અને મહામંત્રી,સ્થાનિક કાર્યકરો અને સ્થાનિક અગ્રણીઓ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કાલાવડના નિકાવા ગામે શ્રી મચ્છુ આઈ સમૂહ લગ્નોત્સવમાં ૨૮ દીકરીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા




જામનગર : કાલાવડ તાલુકાના નિકાવા ગામે શ્રી મચ્છુ આઈ સમૂહ લગ્ન સમિતિ તેમજ સમસ્ત ભરવાડ સમાજના સંયુક્ત ઉપક્રમે પરંપરાગત રીતિરીવાજ સાથે ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ભરવાડ સમાજની કુલ ૨૮ દીકરીઓએ લગ્નના પવિત્ર બંધનમાં બંધાઈ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવ સમાજમાં એકતા, સહકાર અને સાદગીનો ઉત્તમ ઉદાહરણ બન્યો હતો.

નિકાવા મુકામે દર વર્ષે નિયમિતપણે યોજાતા આ સમૂહ લગ્નોત્સવનું આ વર્ષે ૧૮મું વર્ષ હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ધાર્મિક વિધિ, વરઘોડા, આશીર્વચન તથા સમારોહની સુંદર વ્યવસ્થા જોવા મળી હતી. આ પ્રસંગે સમગ્ર નિકાવા ગામ તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. રાજકીય, સામાજિક અગ્રણીઓ, સંતો-મહંતો તેમજ સમાજના આગેવાનોની નોંધપાત્ર ઉપસ્થિતિએ સમારોહને વિશેષ ગૌરવ આપ્યું હતું.

લગ્નોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ જામનગરના સાંસદ પૂનમબેન માડમના પ્રતિનિધિ કરસનભાઈ પિઠીયા, તાલુકા ભાજપ પ્રમુખ સંજયભાઈ ડાંગરિયા, કાલાવડ શહેર ભાજપ પ્રમુખ નિરવભાઈ ભટ્ટ, યુવા પૂર્વ સરપંચ રાજુભાઈ મારવિયા, જામનગર જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા જે.પી. મારવિયા, તાલુકા ભાજપ મહામંત્રી ભાવેશભાઈ વિરડીયા, કાલાવડ શહેર ભાજપ મહામંત્રી મીતભાઈ ફળદુ, ઉપસરપંચ મનસુખભાઈ ગમઢા,પત્રકાર યુવા તુષારભાઈ વાદી,જયંતીભાઈ સોંદરવા,ચંદુભાઈ સખિયા સહિત અનેક રાજકીય અને સામાજિક આગેવાનો હાજર રહ્યા હતા. તમામ મહેમાનોએ નવદંપતીઓને આશીર્વાદ પાઠવી સમૂહ લગ્નોત્સવની ભાવનાને બિરદાવી હતી.

સમૂહ લગ્નોત્સવમાં જોડાયેલ તમામ દીકરીઓને કરિયાવર રૂપે ભગવતગીતાજી, પૂજન માટે મંદિર, સેટીપેટી, કબાટ, ટીપાય તેમજ જીવન જરૂરી ઘરવખરીની તમામ સામગ્રી આપવામાં આવી હતી, જે સમાજની દીકરીઓના સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ છે.

આ પ્રસંગે સમાજોપયોગી પ્રવૃત્તિ રૂપે ગારડી કોલેજ દ્વારા ફ્રી આરોગ્ય નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. ઉપરાંત તાજેતરમાં યોજાયેલી પીએસઆઈ તથા કોન્સ્ટેબલ પરીક્ષામાં સફળ થયેલા ભરવાડ સમાજના ભાઈઓ અને બહેનોને મંચ પર સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા શ્રી મચ્છુ આઈ સમૂહ લગ્ન સમિતિ તથા સમસ્ત ભરવાડ સમાજના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી, જે બદલ સમાજમાં સર્વત્ર પ્રશંસા વ્યક્ત કરવામાં આવી હતી.

# ગાંધવી (હર્ષદ) ખાતે હરસિદ્ધિ વનની મુલાકાત લેતા મંત્રી



દ્વારકા : રાજયના વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગાંધવી (હર્ષદ) ખાતે હરસિદ્ધિ માતાજીના મંદિરે દર્શન કર્યા હતાં તેમજ વન વિભાગ દ્વારા નિર્મિત અને સંવર્ધિત હરસિદ્ધિ સાંસ્કૃતિક વનની મુલાકાત લીધી હતી.

## અરબી સમુદ્ર વચ્ચે ભડેકશ્વર મહાદેવ દ્વારકાનું પ્રમુખ આકર્ષણ



દ્વારકા : દ્વારકામાં સમુદ્રની જળરાશિ વચ્ચે ઘેરાયેલા ઐતિહાસિક શ્રી ભડકેશ્વર મહાદેવના શિવાલયના રમણીય દ્રશ્યો શિવભકતોમાં અનોખી શિવભકિતનો સંચાર કરે છે. સમુદ્રની ગોદમાં બિરાજતા ભડેશ્વર મહાદેવના શિવાલયનો મનમોહક કુદરતી નજારો યાત્રિકોના મનને હરનારો છે.

# જામનગરના વિજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ અને હેડ કોન્સ્ટેબલનું સન્માન




જામનગર : જામનગરના જી યુ વી એન એલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.એસ.આઇ. ડી.એ. ભંડેરી તેમજ પોલીસ હેડ કોન્સ્ટેબલ આર. કે. લૂબાના કે જેઓએ વીજ પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન સર્વ શ્રેષ્ઠ કામગીરી કરી હોવાથી તેઓને સન્માન પત્ર આપીને રાજકોટ કોર્પોરેટ ની કચેરીમાં ગણતંત્ર દિવસે વિશેસ રીતે સન્માનિત કરાયા હતા.

જામનગરના વીજ પોલીસ મથકની ટીમ દ્વારા પીએસઆઇ ડી.એ.ભંડેરી અને પોલીસ હેડ કોન્સ્ટેબલ આર.કે.લુબાના કે જેઓએ બે કરોડની માંડવાળ રકમ ભરાવીને તેમજ ૮૦૪ જેટલા વર્ષ દરમિયાનના વિજ ચોરી ના કેસનો નિકાલ કરાવીને સર્વશ્રેષ્ઠ કામગીરી હોવાથી અને સમગ્ર સૌરાષ્ટ્ર ઝોનમાં સૌથી વધુ અસરકારક કામગીરી કરવા બદલ આ સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં ખાસ કરીને પોલીસ હેડ કોન્સ્ટેબલ આર કે લુબાના કે જેઓએ સતત ત્રીજા વર્ષે વીજ પોલીસ મથકોમાં સર્વ શ્રેષ્ઠ કામગીરી કરી છે, જેની વિશેષ નોંધ લેવામાં આવી છે.

# દ્વારકા ખાતે અખિલ ભારતીય વૈદિક સંગોષ્ઠિનો પ્રારંભ કરાવતા મંત્રી મોઢવાડીયા




દ્વારકા : રાજયના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ દ્વારકા ખાતે અખિલ ભારતીય વૈદિક સંગોષ્ઠિનો પ્રારંભ કરાવ્યો હતો તેમજ દ્વારકાધીશ મંદિર અને શારદાપીઠ દ્વારકા ખાતે દર્શન કર્યા હતા.

# બરડાઈ બ્રાહ્મણ મોટી જ્ઞાતિના કાર્ડ ધારકોને રાશન કીટનું વિતરણ

જામનગર : જામનગરના અમૃતલાલ ભોગાયતા અને ચંપાબેન ભોગાયતા ચેરી. ટ્રસ્ટ દ્વારા બરડાઈ બ્રાહ્મણ મોટી જ્ઞાતિ (સમસ્ત)ના કાર્ડ ધારકોને મહા શિવરાત્રિ પર્વ નિમિત્તે તા. ૧૪-૨-૨૬ના સાંજે ૪ થી ૬:૩૦ વાગ્યા સુધી જીવન જરૂરી રાશન કીટનું વિતરણ નારણજી ભોગાયતા, હરસિદ્ધિ ભુવન, પ્લોટ નં. ૧૧૯, ફેસ-૩, વાલકેશ્વરી નગરીમાંથી કરવામાં આવશે. તેમ ટ્રસ્ટી નારણજી ભોગાયતાએ જણાવ્યું છે. આ ઉપરાંત ટ્રસ્ટ તરફથી તા. ૧૫-૨-૨૬ના સંસ્કૃત પાઠશાળા (ધોરીવાવ)ના વિદ્યાર્થીઓને પીતાંબરની ભેટ તથા ફળાહાર આપવામાં આવશે.

# સ્વ. નરપતસિંહ જાડેજાના સ્મરણાર્થે વોલીબોલ ઈન્વિટેશન ટુર્નામેન્ટમાં ૧૬ ટીમે ભાગ લીધો

જામનગર : જામનગરમાં ગાંધીનગર કોલોની વિસ્તારમાં સ્વ. નરપતસિંહ એ. જાડેજાના સ્મરણાર્થે નાઈટ શૂટિંગ વોલીબોલ ઈન્વિટેશન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૬ જેટલી ટીમોએ ભાગ લીધો હતો.

આ ટુર્નામેન્ટમાં જામખંભાળિયા કોર્ટ, રેટા કાલાવડ, કોલવા, વાંકિયા, જામજોધપુર, રાવલ, જામખંભાળિયા, પોલીસ હેડ ક્વાટર જામનગર, ગોકુલ નગર, ડેન્ટલ હોસ્પિટલ, તથા ચાર સ્થાનિક ટીમોએ ભાગ લીધો હતો. દરેક ખેલાડીઓને રાત્રિ ભોજન, નાસ્તો, ચા-પાણી સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી, અને કોઈપણ એન્ટ્રી ફી લેવામાં આવી ન હતી. આ ટુર્નામેન્ટની ફાઇનલ બગસરા તથા ખંભાળિયા કોર્ટની ટિમ વચ્ચે મેચ રમાઇ હતી, તેમાં ખંભાળિયા કોર્ટની ટિમ વિજેતા થઈ હતી, જેના દરેક ખેલાડીઓને તથા ટીમને કેટેગરી મુજબ મેડલ, મોમેન્ટો તથા રોકડ પુરસ્કારો આપવામાં આવ્યા હતા. આ સફળ આયોજનમાં ગાંધીનગર કોલોની પરિવારના કલ્પેશ ગોસાઈ, ચિરાગ ગોસાઈ, ધર્મેન્દ્રસિંહ સોઢા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, હસમુખભાઈ ગોહિલ, જયદીપસિંહ ઝાલા, ક્રીપાલસિંહ જાડેજા વગેરે જોડાયા હતા.

# મોરારિબાપુને સુવર્ણ ગૌ પ્રતિકૃતિ અર્પણ કરતા ધારાસભ્ય પબુભા માણેક




તસવીર : બુધાભા ભાટી

દ્વારકા : દ્વારકાની પાવન ધરતી પર રામકથાકર મોરારિ બાપુની પધરામણી થઈ હતી. દ્વારકાના આંગણે કથાનો માહોલ ઉજવાઈ રહ્યો છે. ત્યારે શિવ ભક્ત ધારાસભ્ય પબુભાની ગૌશાળાની મોરારી બાપુ એ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ધારાસભ્ય પબુભા માણેકે પૂજ્ય મોરારિ બાપુને સુવર્ણ ગૌ પ્રતિકૃતિ અર્પણ કરી હતી.

# જામનગરમાં સાંસદ ખેલ મહોત્સવ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આવતીકાલે મેગા ફાઈનલ





જામનગર : દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં ફીટ ઈન્ડીયા ફોર વિકસીત ભારતના આહવાન હેઠળ સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫નું આયોજન થયુ છે તે સાથે જામનગર-દેવભૂમિ દ્વારકા જીલ્લા સંસદીયક્ષેત્રના આ યુવા ઉત્સવમાં ૩ લાખ જેટલા ખેલાડી યુવા ભાઈ-બહેનો, વિધાર્થીઓ અને નાગરીકોએ વિવિધ ૧૦ ટ્રેડીશનલ અને મઘર સ્પોર્ટસમાં ઉત્સાહભેર ભાગ લીધેલ હતો, જે રમતોનો સમાપન સમારોહ ગત તા.૨૫/૧૨/૨૦૨૫ના રોજ પ્રધાનમંત્રીની વર્ચ્યુઅલી ઉપસ્થિતીમાં યોજાયેલ હતો.

જામનગર-દેવભૂમિ દ્વારકા સંસદીયક્ષેત્રના ક્રિકેટ પ્રેમી યુવા ખેલાડીઓએ અદમ્ય ઉત્સાહભેર ૫૫૦ થી વધુ ટીમોએ ક્રિકેટ રમવા માટે રજીસ્ટ્રેશન કરતા, આ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન સતત છેલ્લા ૪૫ દિવસથી જામનગર પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે રમાય રહેલ છે.

આ ડ-નાઈટ ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૫૧૨ ટીમોએ સફળતાપૂર્વક ભાગ લીધેલ હતો જેના બે સેમી ફાઈનલ મેચો આજે રાત્રે રમાયેલ હતા આ સેમી ફાઈનલનો પ્રથમ મુકાબલો રામ ઈલેવન-ગડ અને સહારા ઈલેવન વચ્ચે રહયો હતો, જેમાં રામ ગડુ વિજેતા થતા ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. તેવા જ બીજા દિલધડક મુકાબલામાં જાહલ ઈલેવન-જામનગર અને કે.સી.સી. ઈલેવન-જામખંભાળીયા વચ્ચેના મુકાબલામાં કે.સી.સી. ખંભાળીયા વિજેતા બની ફાઈલમાં રમવા જગ્યા બનાવી લીધી છે.

ઉલ્લેખનીય છે કે, હાલાર પંથકના લોકપ્રિય સાંસદ પૂનમબેન માડમ દ્વારા ખેલાડીઓ અને ક્રિકેટ રસીક દર્શકો માટે સુંદર આયોજન કરાયુ છે, જેમાં મેદાનની બાઉન્ડ્રી ફરતે સ્ટેડીયમ ટાઈપની પ્રેક્ષકો માટેની ખાસ બેઠક વ્યવસ્થા, લાઈટીંગ, એલ.ઈ.ડી., સપાટ મેદાન, તમામ મેચોનું લાઈવ ટેલીકાસ્ટ અને સમગ્ર ગ્રાઉન્ડ સી.સી.ટી.વી. કેમેરાથી સુસજ્જ વ્યવસ્થા હોવાથી આ ટુર્નામેન્ટ ખૂબ જ સફળ રહી છે. જેનો હજારો દર્શકોએ ઉમળકાભેર ટુર્નામેન્ટ નિહાળી સાંસદ પૂનમબેન માડમના આ આયોજનને આવકારેલ છે.

આવતીકાલ તા.૮/૨/૨૦૨૬ના રોજ પ્રદર્શન ગ્રાઉન્ડ, જામનગર ખાતે સાંજે : ૭ કલાકથી શરૂ થનાર મેગા ફાઈનલ મેચનો રોમાંચક મુકાબલો યોજાવા જઈ રહેલ છે. ત્યારબાદ આ મેગા ફાઈનલ મેચનો પારિતોષીક વિતરણ સમારોહ મહાનુભાવો અને હજારોની સંખ્યામાં ક્રિકેટપ્રેમી જનતાની ઉપસ્થિતીમાં ભવ્ય આતશબાજી અને રંગારંગ લાઈટીંગ વચ્ચે યોજાનાર છે. આ સમાપન સમારોહમાં ખેલાડીઓને પ્રોત્સાહીત કરવા તમામ ખેલાડીઓ, ક્રિકેટ અને રમતપ્રેમી જનતા તેમજ નાગરીક ભાઈઓ-બહેનોએ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

## દ્વારકા સહિતના તીર્થક્ષેત્રો માટે હોળીના તહેવારો દરમ્યાન હોલીડે સ્પેશિયલ ટ્રેનો દોડાવાશે

દ્વારકા : તહેવારો દરમ્યાન મુસાફરોની સુવિધા અને સરળ આવાગમન પ્રત્યે પોતાની પ્રતિબધ્ધતાને વધુ મજબૂત બનાવતા, પશ્ચિમ રેલવે આવનારા હોળી તહેવાર દરમ્યાન સંભવિત મુસાફરોની ભીડને સંભાળવા માટે વ્યાપક તૈયારીઓ સાથે સંપૂર્ણ રીતે સજ્જ છે. મુસાફરોની વધતી મુસાફરી માંગને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવે દ્વારા અત્યાર સુધી ૨૩૧ હોલીડે સ્પેશિયલ ટ્રેન સેવાઓ જાહેર કરવામાં આવી છે.

આ સ્પેશિયલ ટ્રેનો ૧લી માર્ચથી ૨૨ માર્ચ, ૨૦૨૬ દરમ્યાન દેશના વિવિધ ગંતવ્યો માટે ચલાવવામાં આવશે. જેમાં ઉતર અને પૂર્વ ભારતના મુખ્ય પ્રદેશો ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન સહિત અન્ય મહત્વપૂર્ણ રાજ્યો પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આ સ્પેશિયલ ટ્રેનોની યોજના મુસાફરોને વધારાના મુસાફરી વિકલ્પો ઉપલબ્ધ કરાવવા તથા તહેવારો દરમ્યાન આરામદાયક અને સુવિધાજનક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવી છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેક દ્વારા જારી કરાયેલ પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર હોળી તહેવાર દરમ્યાન મુસાફરોની ભીડને અનુલક્ષીને વધારાની ટ્રેન સેવાઓ માટે રેલવે તંત્ર સંપૂર્ણ તૈયાર છે. હોલીડે સ્પેશિયલ ટ્રેનોના સંચાલન સાથે મજબૂત સ્ટેશન સ્તરીય તૈયારીઓ અને સંકલિત ભીડ વ્યવસ્થાપન રણનીતીઓ, હોળી તહેવાર દરમ્યાન મુસાફરોની સુરક્ષિત, વ્યવસ્થિત અને આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે રેલવેની સજ્જતાને પ્રતિબિંબિત કરે છે. દ્વારકા સહિતના તીર્થક્ષેત્રો માટે વેસ્ટર્ન રેલવે વિશેષ ટ્રેનો દોડાવશે.

## કલ્યાણપુરના રાવલ ગામના યુવાનને મારકુટમાં ફેક્ચરની ઈજા

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના રાવલ ગામમાં રહેતા યુવાનને કામમાંથી છુટા કરવાના પ્રશ્ને ગામના જ એક શખ્સે મારકુટ કરી શરીરે ફેક્ચર સહિતની ઈજા પહોંચાડવા સબબ સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ રાવલ ગામમાં મેલડી માતાજીના મંદિર પાસે રહેતા રાજુભાઈ મોહનભાઈ જમોડ નામના યુવાનને ગામના જ ભરતભાઈ દેવશીભાઈ ચૌહાણએ ધક્કો મારી નીચે પછાડી લઈ ઢીકાપાટુનો માર મારી ખંભાના ભાગે ફેક્ચરની ઈજા પહોંચાડી ગાળો કાઢી ઝગડો કરતા રાજુભાઈ જમોડ દ્વારા તેની સામે કલ્યાણપુર પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ બન્ને વ્યક્તિ એક સાથે ભરડીયામાં ભેગા કામ કરતા હોય અને થોડા દિવસ પહેલા ભરત ચૌહાણને કામમાંથી છૂટો કરી દેવામાં આવ્યો હતો જેથી તેને લાગેલ કે રાજુએ કામમાંથી છૂટો કરાવેલ છે તે વાતનો ખાસ રાખી રાજુ જમોડ જ્યારે પોતાના સંબંધીના દીકરાના લગ્નમાં ફૂલેકામાં હાજર હોય આ વેળાએ ભરત ચૌહાણએ તેને માર માર્યો હતો જે અંગે પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં કારમાંથી ૧૪ પેટી દારૂ ઝડપાયો, આરોપી ફરાર

### પરોઢીયે પોલીસને ચાલક ભાગી છૂટીયો, કાર અને દારો કબ્જે કર્યો, આરોપીની શોધખોળ

જામનગર : જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડ રોડ પર ગઈકાલે રાત્રે ચારેક વાગ્યાના અરસામાં પોલીસ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું, જે દરમિયાન એક કાર શંકાસ્પદ હાલતમાં જણાતાં પોલીસે તે કારને રોકાવવાનો પ્રયત્ન કર્યો હતો.

દરમિયાન કારમાંથી એક શખ્સ ઉતરીને રાત્રિના અંધારામાં ભાગી છુટ્યો હતો. પોલીસે રેઢી પડેલી કારની તલાસી લેતાં અંદરથી (૧૪ પેટી) ૧૬૮ નંગ ઈંગ્લીશ દારૂ ની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે રૂપિયા દસ લાખની કિંમતની જી.જે. -૩ એમ. એચ. ૪૫૯૦ નંબરની કિયા સેલટ્રોસ કાર અને ૮૪,૦૦૦ ની કિંમત નો ઈંગલિશ દારૂ કબજે કરી લીધો છે, અને વાહન ના નંબર ના આધારે કારના ચાલકની શોધ ખોળ હાથ ધરી છે.


તસવીરઃ સુનિલ ચુડાસમા

## ખંભાળિયાના લાલપરડા ગામે હૃદયરોગના હુમલાથી યુવાનનું મૃત્યુ

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના લાલપરડા ગામે રહેતા અને વાડીમાં ખેતમજૂરી કરતા એક યુવાનનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજતા પરિવારમા ગમગીની છવાઈ ગઈ છે. આ બનાવની જાણ થતા ખંભાળિયા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ઉત્તર પ્રદેશના સેના ગામનો અને હાલ લાલપરડા ગામમાં આવેલ દેવાભાઈ મેરૂભાઈની વાડીમાં ખેતીકામ કરતો વિજયભાઈ નાનુભાઈ રાઠોડ નામનો યુવાન ખેતીકામ કરતી વેળાએ એકાએક જમીન ઉપર પડી ગયો હતો. દરમિયાન બેભાન થઈ જતા તેનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજ્યું હતું આ બનાવ અંગે ઉકટભાઈ અરવિંદભાઈ રાઠોડ દ્વારા ખંભાળિયા પોલીસમાં જાણ કરવામાં આવી હતી.

## વોર્ડ નં ૧માં ગંદકી અને ઉભરાતી ગટરથી સ્થાનિકો પરેશાન


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના વોર્ડ નં ૧ માં ગટરના અને કચરાના ઢગલાનો જાણે કોઈ ઉકેલ જ ન હોય તેમ અવારનવાર ગંદકીના ગજ જોવા મળે છે. હાલ પાઈપ ગટર અને ઓપન ગટર ભરાયેલી હોવાથી લોકો મુશ્કેલી ભોગવી રહ્યા છે. છતાં પણ તંત્ર દ્વારા આ અંગે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. વોર્ડ નં-૧માં તમામ વિસ્તારોમાં શેરી ગલીમાં ઠેક ઠેકાણે ગંદકીના થર જામ્યા છે. જવાબદાર અધિકારીઓને અનેક વખત રજુઆત કરવા છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. ઓફીસમાં સફાઈ કર્મચારી કે અધિકારીઓ સમયસર પહોંચતા ન હોવાની પણ રાવ સ્થાનિક અગ્રણી અનવર સંઘારે રાવ ઉઠાવી છે.

## જીલ્લા પંચાયતની આરોગ્યશાખા દ્વારા કાલે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી

જામનગર : ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ તા. ૧૦-૨ના તથા તા. ૧૭-૨ના રોજ બાકી રહી ગયેલા બાળકો માટે 'મોપ અપ' દિવસનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ અંતર્ગત ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને આંગણવાડી અને શાળામાં કૃમિનાશક ગોળી (આલબેન્ડાઝોલ) આપવાની રહેશે. જે ગોળી ચાવીને લેવાની હોય છે તેમજ આ સાથે- સાથે વિટામીન – એ રાઉન્ડ નું આયોજન કરવામાં આવ્યું છે.

બાળકોમાં કુપોષણ, એનિમિયા, વજન ઘટાડો, નબળાઈ, અભ્યાસમાં ચિત ન લાગવું, વગેરે કારણો માટે કૃમી પણ જવાબદાર હોઈ શકે છે, તેથી બાળકોના સર્વાંગી વિકાસ માટે તેમજ કુપોષણ એ આજનાં સમયની એક મોટી સમસ્યા હોવાથી તેમાં કૃમિ ખુબ મોટો ભાગ ભજવતા હોઈ, વર્ષમાં બે વખત ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને કૃમિ નાશક ગોળી આપવી અત્યંત જરૂરી બની જાય છે. જે ધ્યાને લઇ ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ રાજ્ય સરકાર દ્વારા ઉપરોક્ત દિવસો દરમિયાન ઝુંબેશ રૂપે આ કામગીરી કરવામાં આવશે. જામનગર જીલ્લાના ૮૫૩ જેટલી શાળાઓ અને ૮૭૩ જેટલી આંગણવાડી કેન્દ્ર માં અંદાજીત ૧૭૫૦૦૦ જેટલા બાળકોને આવરી લેવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં આરોગ્ય વિભાગની સાથે સાથે શિક્ષણ વિભાગ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની મદદથી ૧૦૦ ટકા સિદ્ધિ હાસલ કરવા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પંકજકુમાર સિંઘ દ્વારા સૌને અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી જીલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે. તેમજ આ કાર્યક્રમ દરમિયાન બહોળા પ્રમાણ માં જન જાગૃતિ આવે અને તમામ લાભાર્થીઓને આવરી લેવામાં આવે, તે માટે સામાજિક, ધાર્મિક અને રાજકીય આગેવાનો ને સહકાર આપવા જીલ્લા વિકાસ અધિકારી તથા આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

## જામનગરમાં રિક્ષા ચાલકનું જૂની અદાવતમાંમાથું ફોડયું

જામનગર : જામનગરમાં વામ્બે આવાસના આઠમાળીયા બ્લોકમાં રહેતા અને રીક્ષા ચલાવતા કાદરમિયાન દાઉદમિયા ફકીર નામના ૨૬ વર્ષના રીક્ષા ચાલક યુવાન પર ગઈકાલે કામિલ મકરાણી, તનવીર મકરાણી મકરાણી વગેરે ચાર શખ્સો એ તલવાર અને લોખંડના પાઈપ વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી. જેમાં રીક્ષા ચાલકને માથામાં તલવાર લાગી હોવાથી અને હાથમાં ફેક્ચર થઈ ગયું હતું.

જેને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં માથામાં ટાંકા લેવા પડ્યા છે, જ્યારે હાથમાં પ્લાસ્ટર આવ્યું છે. ફરિયાદીના મિત્રને અને આરોપીના પિતા વચ્ચે અગાઉ ઝઘડો થયો હોવાથી તેનો ખાર રાખીને આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે. પોલીસે ભાગી છૂટેલા ચારેય હુમલાખોરોની શોધખોળ હાથ ધરી છે.

## પક્ષી ગણતરી માટે પ્રથમ દિવસે પાંચ સભ્યોની ૧૬ ટીમ બનાવાઈ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના મરીન નેશનલ પાર્કના મુખ્ય વન સંરક્ષક એસ મનીશ્વર રાજાની રાહબરી હેઠળ નિવૃત મુખ્યવન સંરક્ષક ઉદય વોરા, નાયબ વન સંરક્ષક પ્રસાદ રવિ રાધાકૃષ્ણ, મદદનીશ વન સંરક્ષક પ્રતીક જોશી, તેમજ મદદનીશ વન સંરક્ષક શૈલેષ ત્રિવેદીની રાહબરી હેઠળ ૧૨ ટીમો બનાવવામાં આવી હતી અને તેમાં પ્રત્યેક ટીમમાં પાંચ પાંચ સભ્યોને જોડવામાં આવ્યા હતા. પ્રથમ દિવસે બપોર બાદ તમામ ટીમ દ્વારા પક્ષી ગણતરીનો પ્રારંભ થયો હતો, અને સૂર્યાસ્ત સુધી પક્ષી ગણતરી કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ ટિમને વિરામ અપાયો છે, અને ત્યાં જ રાત્રી રોકાણ કર્યું છે. જે સમગ્ર ટીમો આવતીકાલે વહેલી સવારથી પુનઃ પક્ષી ગણતરીના કાર્યનો પ્રારંભ કરશે.

## જામનગર સમસ્ત સ્થાનકવાસી જૈન સંઘના ફિરકાઓની કમિટીના સભ્યોની કાલે મિટિંગ

જામનગર : જામનગરના સમસ્ત સ્થાનકવાસી જૈન સંઘના તમામ ફીરકાઓ (ક્ષાતિ)ની કમિટીના સભ્યોની મિટિંગ તા. ૮-૨-૨૦૨૬ ના સવારે ૧૧ થી ૧૨ વાગ્યા સુધી સાત રસ્તા પાસે સંઘ માતા હેમલતાબા શૈક્ષણિક સંકુલમાં યોજવામાં આવી છે.

જેમાં સર્વે ફીરકાઓના ભાઈઓ-બહેનોની નવ કમિટીની રચના કરવામાં આવશે, જેની મુદ્દત પાંચ વર્ષની રહેશે. મોટા સંઘના ૧૭ સભ્યો નિયમ મુજબ અને બાકીના ઉત્સાહી કાર્યકર્તાને કો.ઓપ્ટ તરીકે નિયુક્ત કરવામાં આવશે. આ ઉપરાંત આ મિટિંગમાં આયમ્બીલ ભવનના રીનોવેશન અંગે ચર્ચા કરવામાં આવશે. આગામી ચતુર્માસ માટે મહાસતીજીને પધારવાની વિનંતી માટે તા. ૧૭-૨-૨૦૨૬ ના લીંબડી ગામ જવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે. મિટિંગ પછી ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે.

# એશિયાટિક સિંહોની સુરક્ષા માટે વધુ પાંચ અંડરપાસ ઉભા કરાશે

## સહોની મૂવમેન્ટ પર વોચ રાખવા ૧૧૫ કિમી વિસ્તારમાં AI-આધારિત ઈન્ટ્રુઝન ડિટેક્શન સિસ્ટમ લાગુ કરાશે

જામનગર : ગીર જંગલમાં વન્યજીવો, ખાસકરીને સિંહોની મૂવમેન્ટ માટે હાલ બે અંડરપાસ કાર્યરત છે. હવે સિંહોની સુરક્ષા વધારવા ૫ વધુ અંડરપાસ માટે બાંધકામ હાથ ધરાઈ રહ્યું છે. આ ઉપરાંત, ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને સિંહ વન્યજીવ અભયારણ્યની અંદર પશ્ચિમ રેલ્વેના ભાવનગર ડિવિઝન હેઠળના દામનગર-પીપાવાવ સેક્શનના ૧૧૫ કિમી વિસ્તારમાં સિંહોની મૂવમેન્ટ પર નજર રાખવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ઈન્ટ્રુઝન ડિટેક્શન સિસ્ટમના (IDS) અમલીકરણને મંજૂરી આપી દેવાઈ છે. લોકો પાઈલટ્સ, સ્ટેશન માસ્ટર્સ અને કંટ્રોલ રૂમને રેલ્વે ટ્રેકની નજીક સિંહોની મૂવમેન્ટ વિશે એલર્ટ જનરેટ કરવા આ સિસ્ટમ બનાવાઈ છે, જેથી અકસ્માતોની રોકથામની કામગીરી હાથ ધરી શકાય. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ ઉઠાવેલા એક પ્રશ્નના જવાબમાં રેલવે, માહિતી અને



પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ૬ ફેબ્રુઆરીના રોજ આ માહિતી પૂરી પાડી હતી.

મંત્રીના નિવેદન મુજબ, ગીર જંગલ વિસ્તારમાંથી પસાર થતું હાલનું રેલ્વે નેટવર્ક મીટરગેજ (MG) સેક્શન છે. આમાંના ઓળખાયેલા સિંહોની મૂવમેન્ટવાળા કોરિડોરમાં વન્યજીવોની સલામતી માટે ટ્રેનો ધીમીગતિએ દોડાવાય આવે છે.

રેલવે અને વન વિભાગ વચ્ચે સંકલન માટે, સમીક્ષા સમિતિઓ એટલે કે સર્કલ લેવલ કમિટી, ડિવિઝનલ લેવલ કમિટી અને રેન્જ લેવલ કમિટીની સ્થાપના કરાઈ છે. આ કમિટીઓની બેઠકો અનુક્રમે ત્રિમાસિક, દ્વિમાસિક અને માસિક ધોરણે યોજાય છે. આ બેઠકોમાં ચર્ચા કરાયેલા મુદ્દાઓને રેલવે સક્રિયપણે ઉકેલી રહ્યું છે.

નથવાણી એ જાણવા માગતા હતા કે એશિયાટિક સિંહોના રક્ષણ માટે ગીર જંગલમાં એલિવેટેડ રેલ કોરિડોર બનાવવાની સરકારની કોઈ યોજના છે કે કેમ; અને જો હોય તો, તેના શક્યતાદર્શી અભ્યાસ, ફન્ડિંગ અને અપેક્ષિત પૂર્ણાહૂતિની સમયરેખાની વિગતો સહિત આ પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ શું છે. આ ઉપરાંત તેમણે રેલ કોરિડોર નજીક ગીરના સિંહોની સલામતી માટે અન્ય સંબંધિત પ્રશ્નો પૂછ્યા હતા.

## જામનગર જિલ્લા પંચાયતની બજેટ અન્વયે સામાન્ય સભા સોમવારે યોજાશે

જામનગર : જામનગર જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આગામી તા. ૯-૨-૨૦૨૬ ના બપોરે ૧૨:૩૦ વાગ્યે જિલ્લા પંચાયત સભાગૃહમાં યોજવામાં આવી છે. જેમાં જિલ્લા પંચાયતનું વર્ષ-૨૦૨૬-૨૭નું અંદાજપત્ર રજૂ કરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની બેઠકની કાર્યવાહીને બહાલી આપવા, ૧૫ મા નાણાપંચના કામોમાં ફેરફાર બાબત, જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગ હસ્તકના સંપૂર્ણ ધોવાઈ ગયેલ કે રીપેરીંગ થઈ ન શકે તેવા નવા બનાવવાના થતા ચેકડેમોને રાજય સરકારના સિંચાઈ વિભાગને સોંપવા, જિલ્લા પંચાયતના વર્ષ-૨૦૨૫-૨૬ ના સુધારેલ અંદાજપત્રને રજૂ કરવા, રાજકોટની રૂદ્રાચ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીને બ્લેક લીસ્ટમાં મૂકવા તથા ત્રણ વર્ષ માટે તેનું રજીસ્ટ્રેશન એબીયન્સમાં મૂકવા તેમજ સ્વસ્થ મા અને શિશુ યોજના કાર્યાન્વિત કરવા બજેટમાં નવા હેડ હેઠળ ગ્રાન્ટની ફાળવણી કરવાના મુદ્દાઓનો એજન્ડામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**"SLR/VP ના લિઝીંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

નં. C 78/LEASING/E-AUCTION/Publication/2022(294790)

સંદર્ભ : ED (FM), RB's letter no. 2022/TC(FM)/10/04 તારીખઃ 11-04-2022

"SLR\VP ના લિઝીંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | લોટ નં. | કોન્ટ્રાક્ટનો સમયગાળો | લોટ શરૂઆત થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| E-SLR-RJT-15-26, તારીખ 03/02/2026 | SLR/VP નું લિઝીંગ | ૧) ૧૬૭૩૪-SLR-R૧, ૨) ૨૨૯૬૯-SLR-F૧, ૩) ૨૨૯૩૭-SLR-F૧, ૪) ૨૨૯૩૭-SLR-R૧, ૫) ૧૯૫૬૫-SLR-F૧, ૬) ૧૯૫૬૫-SLR-R૧, ૭) ૨૨૯૬૦-SLR-R૧, ૮) ૨૨૯૦૫-૨૨૯૦૬-VP-૧ | ૦૩ વર્ષ | તમામ લોટ માટે ઈ-હરાજી તા.૧૮-૦૨-૨૬ ના ૧૧:૩૦ કલાકે શરૂ થશે. |

ઉપરોક્ત કેટલોગમાં દર્શાવેલ લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, વિભાગ : કોમર્શિયલ, રાજકોટ ડિવિઝન – ના શિર્ષક હેઠળ www.ireps.gov.in (ઈ-હરાજી લિઝીંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
RJT-197

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**વિવિધ લેવલ ક્રોસિંગ્સની નાબૂદી અને W-બીમ ફેન્સિંગની જોગવાઈ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
આ મીટીંગમાં જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન. બી. જાદવ, બાજરા સંશોધન કેન્દ્રના વડા ડો. કે.ડી. મુંગરા તેમજ અન્ય વૈજ્ઞાનિકો હાજર રહ્યાં હતાં. આ ઉપરાંત જામનગર જિલ્લાના કૃષિ, બાગાયત, પશુપાલન, આત્મા, નાબાર્ડ તેમજ અન્ય વિભાગના અધિકારીઓ અને જિલ્લાનાં પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતા. મિટીંગના અધ્યક્ષ ડો. વિ. પી. ચોવટિયાએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખેડૂતો કૃષિ પાકોની નવી નવી જાતો અને તેની ખાસિયતોથી વાકેફ થાય, ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને ખેતીમાં નવીનતમ ટેકનોલોજીઓ ખેડૂતો સુધી પહોંચે, જિલ્લાના ખેડૂત મિત્રોને ખેતીમાં આવતા રોગ-જીવાતોની સમસ્યાનો હલ કરવા નવીનતમ ટેકનોલોજી વાપરવા તેવા પ્રયત્નો કરવા માટે વાત કરી હતી. વધુમાં સારી કામગીરી બદલ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સ્ટાફને બિરદાવ્યો હતો. કૃષિ વૈજ્ઞાનિક અંજનાબેન બારૈયાએ ઉપસ્થિત સર્વે અધિકારીશ્રીઓ અને ખેડૂત ભાઈઓ અને બહેનોનો તેમના સહયોગ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

## મોટી બાણુંગાર ખાતે સાયબર સુરક્ષા જાગૃતિ સેમિનાર યોજાયો






જામનગર : જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જામનગર દ્વારા ધ્રોલ તાલુકાના મોટી બાણુંગાર ગામે આવેલી માધ્યમિક શાળામાં 'સાયબર સુરક્ષા અને સાયબર ક્રાઈમ' વિષય પર એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.દ્રજીજી ના સંકલન સાથે યોજાયેલ આ કાર્યક્રમમાં "બેટી બચાવો બેટી પઢાવો" યોજના અંતર્ગત ધોરણ ૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ બી.એડ.ના તાલીમાર્થીઓને આધુનિક ડિજિટલ પડકારો સામે સજ્જ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જિલ્લા પંચાયતની મહિલા અને બાળ વિકાસ તથા યુવા પ્રવૃત્તિ સમિતિના ચેરમેન ભાવનાબેન ભેસદડિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે ડિસ્ટ્રિક્ટ મિશન કોઓર્ડિનેટર બંસીબેન ખોડિયાર દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન આપી મહિલા લક્ષી યોજનાઓ અને સુરક્ષાના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત સાયબર ક્રાઈમ બ્રાન્ચના જૈં શ્રી એચ.કે. ઝાલાએ સોશિયલ મીડિયા અને ટેક્નોલોજીના માધ્યમથી થતા વિવિધ ગુનાઓ વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને ઓનલાઈન છેતરપિંડીથી બચવાના ઉપાયો અને આધુનિક ડિજિટલ યુગમાં સતર્ક રહીને ટેક્નોલોજીનો સુરક્ષિત ઉપયોગ કરવા અંગે ઉપયોગી માહિતી આપી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં સાયબર ટીમ, અલીયાબાડા કોલેજના આચાર્ય, મોટી બાણુંગાર શાળાના આચાર્ય, પ્રોગ્રામ ઓફિસર NSS, DHEW તથા OSC સ્ટાફ અને અધ્યાપકગણ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ અને લાભાર્થીઓને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## કાલાવડના બાવા ખાખરીયા ગામે ગુમ થયેલી તરુણીનું પરિવાર સાથે મીલાપ



જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ ગ્રામ્ય વિસ્તારમાંથી એક શ્રમિક પરિવારની મનોદિવ્યાંગ તરુણી એકાએક લાપતા બની ગઈ હતી. જેથી કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. એન.વી. આંબલીયા અને પોલીસ સબ ઈન્સપેક્ટર જે. એસ. ગોવાણીના માર્ગદર્શન મુજબ મિશન મુસ્કાન અંતર્ગત કાલાવડ ટાઉન પોલીસે ગુમ થયેલી બાળાને શોધવા માટેના અલગ અલગ સીસીટીવી કેમેરાઓ ચેક કર્યા હતા અને તરુણીને શોધી કાઢી તેના વાલીને પરત સોંપી દીધી હતી.

કાલાવડ તાલુકાના બાવા ખાખરીયા ગામના વતની ઉકાભાઈ ચનાભાઇ કપુરીયાની વાડીમાં રહીને મજૂરી કામ કરતા મૂળ મધ્યપ્રદેશવાળા વતની પરસોત્તમ સોમાભાઈ માવી કે જેઓ પરિવાર સાથે બપોરે વાડીયે મજુરી કામ કરતા હોય ત્યારે તેમની દીકરી અનીતાબેન (૧૬) કે જે માનસીક બીમાર હોય અને વાડીયેથી કામ કરતી એકલી કોઈને કહ્યા વગર જતી રહી હતી, અને ગુમ થઇ હતી. જે અંગેની કાલાવડ ટાઉન પોલીસને જાણ થતાં તાત્કાલીક સ્ટાફના દિવ્યરાજસિંહ શિવરાજસિંહ જાડેજા તથા અનીરૂધ્ધસિંહ બળદેવસિંહ દ્વારા જુદા જુદા એરીયાના સી.સી.ટી.વી.કુટેજ ચેક કર્યા હતા, જેના આધારે માનસીક બીમાર તરુણીને શોધી કાઢી તેના પરિવાર સાથે મીલાપ કરાવી પરત સોંપવામાં આવી હતી, જેથી પરિવારના સભ્યોએ કાલાવડ ટાઉન પોલીસ ટીમનો આભાર માન્યો હતો.

## ખંભાળીયાની શાળામાં સાઈબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



દ્વારકા : દેવભૂમિ દ્વારકા પોલીસની શી ટીમ દ્વારા ખંભાળીયાની વી.એચ. એન્ડ વી.એચ. માધ્યમિક શાળા હર્ષદપુર ખાતે વિદ્યાર્થીનીઓ વચ્ચે અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં વિદ્યાર્થીનીઓને આજના ડીજીટલ યુગમાં સાયબર ક્રાઈમથી કેવી રીતે સુરક્ષિત રહેવું, ગુડ ટચ બેડ ટચ અંગે જરૂરી માર્ગદર્શન, શી ટીમની ભૂમિકા, મહિલા હેલ્પલાઈન ૧૮૧ અને ઈમરજન્સી નં. ૧૧૨ તેમજ નવા કાયદાઓ અંગેની માહિતી અને સમજ આપી શી ટીમ દ્વારા વિદ્યાર્થીનીઓમાં સુરક્ષા અંગે જાગૃતિ લાવવા તેમજ આત્મવિશ્વાસ વધારવા મહત્વપૂર્ણ પ્રયાસ હાથ ધરાયો હતો.

# ધ્રોલ ખાતે તા. ૨૫ ફેબ્રુઆરીએ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

જામનગર : સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમની રાજય અને જિલ્લા કક્ષાએ મળેલી સફળતા બાદ મુખ્યમંત્રીએ ગુજરાત રાજયના નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ દર માસના ચોથા બુધવારે યોજવાનું સૂચન કર્યુ છે.જે અંતર્ગત, ધ્રોલ તાલુકામાં તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા. ૨૫/૦૨/૨૦૨૪ ના રોજ સવારના ૧૧ કલાકથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને ધ્રોલ પ્રાંત કચેરીના મિટિંગ હોલમાં યોજવામાં આવશે. આગામી તા.૧૫ ફેબ્રુઆરી સુધીમાં અરજદારોએ તાલુકા સ્વાગત કાર્યક્રમના મથાળા હેઠળ તેમની અરજી મોકલી દેવાની રહેશે. અરજી મોકલતી વખતે અરજદારોએ નીચે જણાવેલી તમામ બાબતોનું પાલન કરવાનું રહેશે.

જે અંતર્ગત જો ગ્રામ કક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયત, તલાટી કમ મંત્રી કે ગ્રામ સેવકને પ્રથમ લેખિતમાં રજુઆત કરેલી હોવી જોઈએ, અને રજૂ કરેલો પ્રશ્ન અનિર્ણિત હોવો જોઈએ. તેમજ તાલુકા કક્ષાએ તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ અરજી કરેલ હોવી જોઈએ તો જ આ કાર્યક્રમમાં અરજી સ્વીકારવામાં આવશે.કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકાર ક્ષેત્રમાં આવતા પ્રશ્નોના જ નિર્ણય લઈ શકાય, તેવા પ્રશ્નો જ હોવા જોઈએ. કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર-પુરાવા સાથે રજુઆત કરી શકશે.કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે, સામુહિક રજુઆતો કરી શકશે નહીં.ધ્રોલ તાલુકાના તમામ નાગરિકોને આ તાલુકા સ્વાગત કાર્યક્રમનો લાભ લેવા માટે મામલતદાર, ધ્રોલની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# ધ્રોલની ગર્લ્સ હાઈસ્કુલમાં વિદ્યાર્થીનીઓ તથા બીએડના તાલીમાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો






જામનગર : જામનગર જિલ્લાના ધ્રોળમાં આવેલી શ્રી એમ ડી મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એમ ડી મહેતા ગર્લ્સ હાઈસ્કુલ ધ્રોલમાં ધોરણ ૧૦ અને ૧૨ તથા ડી એલ એડ અને બી.એડ ના તાલીમાર્થી બહેનોનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો.

જેમાં બેસ્ટ એક્ટિવ સ્ટુડન્ટ્સ એવોર્ડ કાર્યક્રમ શ્રી એમ. ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન ધર્મેશભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં સંસ્થાના સેક્રેટરી સુધાબેન ખંઢેરીયા, મુખ્ય વક્તા વિશાલભાઈ ભાદાણી, - લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન સણોસરા, અતિથિ વિશેષ પ્રદ્યુમનસિંહજી જાડેજા, મેનેજિંગ કમિટીના સભ્યઓ પાર્થભાઈ પંડ્યા, મીનાબેન શેઠ,સલાહકાર સમિતિના સભ્યશ્રી કેશુભા જાડેજા, અશોકદાન ગઢવી, દિલીપભાઈ શાહ, અશ્વિનભાઈ સંતોકી, કોઓર્ડીનેટર હેમલબેન અને સરોજબેન, આચાર્ય નીતાબેન રામાનુજ, તમામ સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત બાદ મહેમાનોનું કુમકુમ તિલક, કાર્ડ દ્વારા સ્વાગત કર્યું. નીતાબેન દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. વિશાલભાઈ ભાદાણીનું શાલ અને પુસ્તક દ્વારા સન્માન બાદ જલ્પાબેને તેમનો પરિચય આપ્યો. ધોરણ ૧૦ અને ૧૨ ની વિદ્યાર્થીની રાઠોડ ઝંખના,નકુમ નિરાલી અને કણેત ઉન્નતિએ પોતાના વિદ્યાર્થી પ્રતિભાવ રજૂ કર્યા. બેસ્ટ એક્ટિવ વિદ્યાર્થીઓને શિલ્ડ, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા.

કાર્યક્રમના મુખ્ય વક્તાએ વિદ્યાર્થીઓને વિવિધ દ્રષ્ટાંતો અને જોક્સ દ્વારા પોતાની આગવી શૈલીમાં એકાગ્રતા, દ્રઢ સંકલ્પ ,ઊંચું ધ્યેય અને ખંત તથા મહેનત દ્વારા બોર્ડની પરીક્ષામાં સારું પરિણામ લાવવા શુભેચ્છા પાઠવી. મેરીટ, ક્વોલિટી અને સ્કૂલના આ સમયમાં ઉત્તમ રીતે ઉત્તીર્ણ થવું જરૂરી છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને પોતાની અંદર રહેલી ક્ષમતાઓની ઓળખવા માટે અપીલ કરી અને આર્થિક સ્વતંત્રતા તથા આર્થિક સમજણ મેળવીને પોતાનું અસ્તિત્વ જાતે ઊભું કરવા જણાવ્યું હતું. તથા તમામને ડર્યા વિના પરીક્ષા આપી સારું પરિણામ પ્રાપ્ત કરે, એવી શુભેચ્છા આપી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ તેમને મૂંઝવતા પ્રશ્નોની રજૂઆત કરી અને માર્ગદર્શન મેળવ્યું. ધર્મેશભાઈએ પોતાના અધ્યક્ષીય ઉદ્બોધનમાં સ્વામી વિવેકાનંદ ના ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓને ઈચ્છા શક્તિ અને દ્રઢ મનોબળથી પ્રગતિ કરવા જણાવ્યું.

ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓને 'ઈશ્વરના ઓટોગ્રાફ' પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું. પુસ્તક દીપ યોજના હેઠળ ડી.એલ.એડ અને બી.એડ ના વિદ્યાર્થીઓને પુસ્તક ભેટ આપવામાં આવ્યા હતા.

## દ્વારકા જિલ્લા કક્ષાની બેટરી ટેસ્ટ યોજાશે

દ્વારકા : ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ-ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત-ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર-દેવભૂમિ દ્વારકા દ્વારા સંચાલિત જિલ્લા કક્ષાના સ્પોર્ટ્સ સ્કુલમાં પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ખેલ મહાકુંભ અંતર્ગતની તાલુકાકક્ષા એથ્લેટીકસ રમતમાં અં.-૯ અને અં.-૧૧માં પ્રથમ ૧ થી ૮ ક્રમે પસંદગી તથા ઈનસ્કુલ અને ડિ.એલ.એસ.એસ.ના અં.૧૧ના પસંદગી પામેલ ૬ ખેલાડીઓ ભાઈઓ/બહેનો માટે જિલ્લા કક્ષાની બેટરી ટેસ્ટ તા.૧૧/૨/૨૦૨૬ના રોજ મયુર શૈક્ષણિક સંકુલ, નંદાણા ખાતે યોજાશે. જેથી લાગુ પડતાં તમામ ખેલાડીઓએ સવારે ૭:૩૦ કલાકે બેટરી ટેસ્ટના સ્થળે પહોંચવા જિલ્લા રમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે. વધુ માહિતી માટે કચેરી સંપર્ક બનેસિંહ સિસોદિયા મો.૯૫૮૬૭૬૬૪૪૫ તેમજ બેટરી ટેસ્ટ કન્વીનર મિલનભાઈ વ્યાસ, એથ્લેટીક કોચ મો.૯૨૬૫૨૭૧૮૨૦નો સંપર્ક કરી શકાશે.

## વિપશ્યના ધ્યાન સાધના ૧૦ દિવશીય શિબીર

જામનગર : વિપશ્યના સાધના એક સરળ અને અસરકારક ધ્યાનવિધિ છે. જેમાં કુળ, જાતિ, સાંપ્રદાય તથા રાષ્ટીયતા આડી આવતી નથી. આ સાધનાથી ક્રોધ, ભય, ચિંતા, માનસિક તણાવ તથા તમામ પ્રકારના વ્યસનોમાંથી મુક્તિ મળે છે અને ગર્ભવતી મહિલાઓ માટે તો આ સાધના કરવાથી બાળકના માનસ પર સારો પ્રભાવ પડે છે.

જેથી વિશ્વભરમાં અંદાજે ૨૬૮થી પણ વધારે કેન્દ્રોમાં આ સાધના વિનામુલ્યે શીખવવામાં આવે છે. ભારતમાં આ સાધનાવિધિ શીખવા માટેના ૧૨૭ કેન્દ્રો આવેલા છે. તે પૈકીના ૧૧ કેન્દ્રો ગુજરાતમાં આવેલા છે. આ તમામ કેન્દ્રો ઉપર દર માસે સરેરાશ બે ૧૦ દિવશીય શિબિરનું આયોજન થતું રહે છે. તેની વિગતવાર માહિતી http:// www.vridhamma.rog ઉપર ઓનલાઈન ઉપલબ્ધ છે. જામનગર જીલ્લાના જિજ્ઞાસુ ભાઈ-બહેનો માટે નજીકનું વિપશ્યના ધ્યાન કેન્દ્ર ધમ્મકોટ-રાજકોટ પાસે આવેલું છે. આ કેન્દ્ર પર તા. ૧૧-૨-૨૦૨૬ થી તા.૨૨-૨-૨૦૨૬ સુધીની શિબીર શરૂ થનાર છે. આ શિબીરમાં જવા માટે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન માટે ૯૩૨૮૯૩૪૫૧૮, ૧૩૦૭૦, ૯૯૦૯૦૧૦૨૪૫ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે. ૯૯૨૫૧૫૩૮

## હેપ્પી બર્થ-ડે

### જાણીતા સર્પવિદ સુરેશભાઈ ભટ્ટનો આજે જન્મદિવસ



નિવૃત બેંક કર્મચારી અને જાણીતા સર્પવિદ સુરેશભાઈ ભટ્ટ નો આજે જન્મદિવસ છે, સુરેશભાઈ જામનગરની પર્યાવરણ અને જીવદયાપ્રેમી સંસ્થા લાખોટા નેચર કલબના સ્થાપક પ્રમુખ છે તેમના દ્વારા અનેક યુવાનોને સર્પ પકડવા અને માર્ગદર્શન આપી ત્યાર કરવામાં આવ્યા છે જે આજે સુંદર કામગીરી કરી રહ્યા છે. સુરેશભાઈ નો મોબાઈલ નંબર +૯૧ ૯૩૭૭૫ ૨૬૬૬૭ છે.

# DAKSHએ કેપેસિટી બિલ્ડિંગ કમિશન અને SCOPEની સંયુક્ત પહેલ

## DAKSH લીડરશીપ પ્રોગ્રામની બીજી બેચનું ઉદ્ઘાટન, અસ્થિર વિશ્વમાં જાહેર ક્ષેત્ર ભારતની વૃદ્ધિનો વ્યૂહાત્મક સ્તંભ છેઃ ડૉ. પી. કે. મિશ્રા, પ્રધાનમંત્રીના મુખ્ય સચિવઃ મિશન કર્મયોગી જાહેર ક્ષેત્રમાં આજીવન શિક્ષણની સંસ્કૃતિ બનાવી રહ્યું છેઃ અલકા મિત્તલ, CBC

અમદાવાદ,તા.૭

સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસ (CPSEs) ના વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સ માટેના ફ્લેગશિપ લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ, DAKSH (Development of Aspiration, Knowledge, Succession and Harmony) ની બીજી બેચનું ઉદ્ઘાટન સત્ર નવી દિલ્હીના SCOPE કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયું હતું. આ કાર્યક્રમ મોટા મિશન કર્મયોગી માળખાના ભાગ રૂપે કેપેસિટી બિલ્ડિંગ કમિશન (CBC) અને સ્ટેન્ડિંગ કોન્ફરન્સ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝિસ (SCOPE) દ્વારા સંયુક્ત રીતે આયોજિત કરવામાં આવ્યો છે.આ ઉદ્ઘાટન પ્રસંગે ભારત સરકાર અને જાહેર ક્ષેત્રના વરિષ્ઠ નેતૃત્વ હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોમાં પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રા; કે. મોસેસ ચલાઈ, સચિવ, જાહેર સાહસ વિભાગ; અને રચના શાહ, સચિવ, પર્સનલ અને ટ્રેનિંગ વિભાગ, એસ. રાધા ચૌહાણ, અધ્યક્ષ, કેપેસિટી બિલ્ડિંગ કમિશન; કે. પી. મહાદેવસ્વામી, અધ્યક્ષ, SCOPE; અતુલ






સોબતી, મહાનિર્દેશક, SCOPE અને અલકા મિત્તલ, સભ્ય (વહીવટ), કેપેસિટી બિલ્ડિંગ કમિશન સામેલ હતા.

સહભાગીઓનું સ્વાગત કરતા, SCOPE ના DG શ્રી અતુલ સોબતીએ જણાવ્યું હતું કે DAKSH નેતાઓને પ્રતિબિંબિત કરવા, તૈયાર કરવા અને પોતાની જાતને બદલવામાં મદદ કરશે. તેમણે ઉમેર્યું હતું કે આ કાર્યક્રમ નેતૃત્વના ઉદભવ, વ્યૂહાત્મક વિકાસ અને આંતરરાષ્ટ્રીય એક્સપોઝર માટે તક પૂરી પાડશે.

કાર્યક્રમનો સંદર્ભ સ્થાપિત કરતા, કેપેસિટી બિલ્ડિંગ કમિશનના સભ્ય અલકા મિત્તલે DAKSH ની ડિઝાઈન અને ઉદ્દેશ્યો પર વિગતવાર પ્રસ્તુતિ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ ૧૨-મહિનાની પરિવર્તનકારી નેતૃત્વ યાત્રા તરીકે સંરચિત છે, જેમાં ડિજિટલ શિક્ષણ, અગ્રણી સંસ્થાઓમાં ક્લાસરૂમ જોડાણ, એક્ઝિક્યુટિવ કોચિંગ, લાઈવ એક્શન લર્નિંગ પ્રોજેક્ટ્સ અને આંતરરાષ્ટ્રીય એક્સપોઝરનો સમાવેશ થાય છે. તેમણે શેર કર્યું કે DAKSH ની પ્રથમ બેચમાં ૭૩ વરિષ્ઠ CPSE અધિકારીઓને તાલીમ આપવામાં આવી હતી, જ્યારે બીજી બેચમાં ૭૨ સહભાગીઓ છે જેઓ ઊર્જા, અવકાશ અને સંરક્ષણ, પરિવહન અને લોજિસ્ટિક્સ, ખાણકામ અને ખનિજો, ઉત્પાદન અને બાંધકામ સહિતના વિવિધ ક્ષેત્રોમાંથી લેવામાં આવ્યા છે.

તેમણે મિશન કર્મયોગી હેઠળની મુખ્ય સિદ્ધિઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો, જેમાં iGOT ડિજિટલ પ્લેટફોર્મ પર અધિકારીઓનું મોટા પાયે ઓનબોર્ડિંગ, કર્મયોગી સપ્તાહ જેવી પહેલો દ્વારા આજીવન શિક્ષણનું સંસ્થાકીયકરણ, કર્મયોગી સક્ષમતા મોડેલનો વિકાસ, તાલીમ સંસ્થાઓનું માન્યતાકરણ અને ભારત-કેન્દ્રિત કેસ સ્ટડીઝના રાષ્ટ્રીય ભંડાર અમૃત જ્ઞાન કોષની રચનાનો સમાવેશ થાય છે. CPSEs માટે અગ્રતાના સુધારા ક્ષેત્રો તરીકે નેતૃત્વ વિકાસ, યોગ્યતા-આધારિત વૃદ્ધિ, પ્રતિભા ગતિશીલતા અને ટેકનોલોજી-સક્ષમ શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.સંબોધન આપતા, પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રાએ ભારતની વિકાસ યાત્રામાં જાહેર ક્ષેત્રના સાહસોની વિકસતી ભૂમિકા વિશે વાત કરી હતી. તેમણે યાદ કર્યું કે આઝાદી પછી દેશના ઔદ્યોગિક અને માળખાગત પાયાના નિર્માણમાં ૐજીઈજ એ પાયાની ભૂમિકા ભજવી હતી, જેણે આર્થિક વૃદ્ધિ, નાણાકીય સ્થિરતા અને રાષ્ટ્રીય આત્મનિર્ભરતા માટે પાયો નાખ્યો હતો. તેમણે કહ્યું કે દાયકાઓ સુધી, જાહેર ક્ષેત્રના સાહસો ભારતની વિકાસ વ્યૂહરચનાની કરોડરજ્જુ સમાન રહ્યા છે.

ડૉ. પી. કે. મિશ્રાએ જણાવ્યું હતું કે સમય જતાં, વૈશ્વિકીકરણ, તકનીકી પરિવર્તન અને આર્થિક સુધારાઓએ વૈશ્વિક અને સ્થાનિક આર્થિક લેન્ડસ્કેપને બદલી નાખ્યું છે. તેમણે અવલોકન કર્યું કે જાહેર વિરુદ્ધ ખાનગી ક્ષેત્રના વર્ચસ્વની ચર્ચાઓએ હવે વધુ સંકલિત અભિગમ માટે માર્ગ મોકળો કર્યો છે, જ્યાં સ્પર્ધાત્મકતા, કાર્યક્ષમતા અને નવીનતા કેન્દ્રસ્થાને બની ગયા છે. આ બદલાતા સંદર્ભમાં, ૐજીઈજ પાસેથી અપેક્ષાઓ પણ વિકસી છે, જે તેમને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓની સેવા કરવાનું ચાલુ રાખવાની સાથે વધુ ચપળતા સાથે કાર્ય કરવાની આવશ્યકતા ધરાવે છે.ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે મુક્ત વ્યાપાર કરારો અને વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા ભારત વૈશ્વિક અર્થતંત્ર સાથે તેનું સંકલન ઊંડું કરી રહ્યું છે, ત્યારે CPSEs એ માત્ર સ્થાનિક જ નહી પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સ્પર્ધા કરવા તૈયાર રહેવું જોઈએ. તેમણે નોંધ્યું હતું કે અનેક મુખ્ય અર્થતંત્રોમાં જાહેર ક્ષેત્રના સાહસો આર્થિક વિકાસમાં, ખાસ કરીને અનિશ્ચિતતાના સમયમાં વ્યૂહાત્મક ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે.

ડૉ. મિશ્રાએ ૨૦૨૧ ની જાહેર ક્ષેત્રની સાહસ નીતિ (Public Sectro Enterprise Policy) નો પણ ઉલ્લેખ કર્યો, જેમાં CPSEs ને વ્યૂહાત્મક અને બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે જ્યારે ખાનગી સાહસોની ભૂમિકા વિસ્તરી રહી છે, ત્યારે ઊર્જા, સંરક્ષણ, માળખાગત સુવિધા અને નાણાં જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં જાહેર ક્ષેત્રના સાહસો આવશ્યક રહે છે, જ્યાં લાંબા ગાળાના રાષ્ટ્રીય હિતો, સ્થિરતા અને સ્થિતિસ્થાપકતા નિર્ણાયક છે. તેમણે ઉમેર્યું હતું કે જાહેર ક્ષેત્રના સાહસો એવા બજારોમાં સંતુલિત ભૂમિકા ભજવે છે જે હંમેશા સંપૂર્ણ હોતા નથી અને જ્યાં જાહેર વસ્તુઓ અને રાષ્ટ્રીય સુરક્ષાની બાબતો સામેલ હોય છે.ટેકનોલોજી અને નવીનતાના વધતા મહત્વ પર પ્રકાશ પાડતા, ડૉ. પી. કે. મિશ્રાએ જણાવ્યું હતું કે CPSEs એ ટેકનોલોજી-લક્ષી અને નવીનતા-સંચાલિત રહેવું જોઈએ. તેમણે ભારતની વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) અને UPI જેવા ઉદાહરણો, જાહેર ક્ષેત્રની બેંકિંગમાં સુધારેલી ટેકનોલોજી અપનાવવા અને સ્વચ્છ ઊર્જા જેવા ક્ષેત્રોમાં પ્રગતિનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સાયબર સિક્યોરિટી, ડેટા ગવર્નન્સ અને એનર્જી ટ્રાન્ઝિશન જેવા ક્ષેત્રોમાં નેતૃત્વ કરવા માટે જાહેર ક્ષેત્રના સાહસો સારી સ્થિતિમાં છે, જ્યાં રાષ્ટ્રીય ટ્રસ્ટ અને લાંબા ગાળાની પ્રતિબદ્ધતા મહત્વપૂર્ણ છે.

નેતૃત્વ અને માનવ મૂડી પર ભાર મૂકતા, ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે સંસ્થાઓ આખરે તેમના નેતૃત્વની ગુણવત્તા પર આધાર રાખે છે. તેમણે સતત શિક્ષણ, અનુકૂલનક્ષમતા અને વ્યૂહાત્મક વિચારસરણીના મહત્વ પર ભાર મૂક્યો હતો, ખાસ કરીને ઝડપી તકનીકી પરિવર્તનના યુગમાં. તેમણે સહભાગીઓને સંગઠનાત્મક સીમાઓની બહાર તેમના દ્રષ્ટિકોણને વ્યાપક બનાવવા, નિર્ણય લેવાની ક્ષમતાને મજબૂત કરવા, સહયોગી રીતે કામ કરવા અને વહેંચાયેલ રાષ્ટ્રીય ઉદ્દેશ્યો સાથે સુસંગત ટીમો બનાવવા માટે DAKSH કાર્યક્રમનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા.અગાઉ, જાહેર સાહસ વિભાગના સચિવ શ્રી કે. મોસેસ ચલાઈ એ CPSEs ના સ્કેલ અને આર્થિક યોગદાન વિશે ટૂંકમાં વાત કરી હતી, અને જીડીપી (GDP) જનરેશન અને કેન્દ્રીય તિજોરીમાં તેમના નોંધપાત્ર યોગદાનની નોંધ લીધી હતી. તેમણે કહ્યું કે વૈશ્વિક અને સ્થાનિક સંક્રમણો વચ્ચે આ યોગદાનને ટકાવી રાખવા માટે ભવિષ્ય માટે તૈયાર નેતૃત્વ તૈયાર કરવું આવશ્યક છે, અને DAKSH ને તે દિશામાં એક સમયસરની પહેલ ગણાવી હતી.

કેપેસિટી બિલ્ડિંગ કમિશનના આભાર - નિહારીકા રવિયા સચિવ જગદીપ ગુપ્તાએ આભારવિધિ કરી હતી. તેમણે મિશન કર્મયોગીના વિઝનને આગળ ધપાવવા માટે કમિશનની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. DAKSH લીડરશીપ પ્રોગ્રામ વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સને ઉચ્ચ નેતૃત્વની ભૂમિકાઓ માટે તૈયાર કરવા માટે કલ્પના કરવામાં આવ્યો છે જ્યારે તેમને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ અને વૈશ્વિક પડકારોનો અસરકારક રીતે પ્રતિસાદ આપવા માટે સક્ષમ બનાવે છે.

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં મારામારી મુદ્દે કડક કાર્યવાહી કરવામાં આવશેઃશિક્ષણમંત્રી

## ઘટનાની જાણ જિલ્લા શિક્ષણ અધિકારીને સમયસર કરવામાં આવી હતી કે નહીં તે બાબતની પણ તપાસ કરવામાં આવશે

અમદાવાદ,

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં થયેલા મારામારીના બનાવને લઈને રાજયના શિક્ષણમંત્રીનું મહત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. સ્કૂલ વિરુદ્ધ મળેલી ફરિયાદને ગંભીરતાથી લઈ શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર મામલાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

શિક્ષણમંત્રીએ જણાવ્યું કે આ કેસની તપાસની જવાબદારી શિક્ષણ નિરીક્ષકને સોંપવામાં આવી છે. શાળાની કામગીરી, ઘટનાક્રમ અને ફરિયાદ સંબંધિત તમામ મુદ્દાઓની વિગતવાર તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત, સંબંધિત શાળાને નોટિસ પણ પાઠવવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું.

શિક્ષણમંત્રીએ વધુમાં કહ્યું કે ઘટનાની જાણ જિલ્લા શિક્ષણ અધિકારીને સમયસર કરવામાં આવી હતી કે નહીં, તે બાબતની પણ તપાસ કરવામાં આવશે. જો તપાસ દરમિયાન કોઈ પ્રકારની બેદરકારી અથવા નિયમોનું ઉલ્લંઘન સામે આવશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.




અમદાવાદની બહુચર્ચિત સેવન્થ ડે સ્કૂલ એકવાર ફરી વિવાદમાં આવી ગઈ છે. આ વખતે મામલો વિદ્યાર્થીઓ વચ્ચેની મારામારીનો છે. સ્કૂલના ધોરણ ૭ના વિદ્યાર્થીને અન્ય ત્રણ વિદ્યાર્થીઓને માર માર્યાની ફરિયાદ વાલીએ ખોખરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ઓગસ્ટમાં આ જ સ્કૂલમાં ધોરણ ૧૦માં ભણતા વિદ્યાર્થીની હત્યાનો મામલો સામે આવ્યો હતો. ત્યારે હવે ફરી એક વાર વિદ્યાર્થી સાથે હિંસાનો કેસ સામે આવતા સેવન્થ ડે સ્કૂલમાં ભણતા તમામ વિદ્યાર્થીઓના વાલીઓમાં પોતાના બાળકોની સુરક્ષાને લઈને ચિંતામાં મૂકાઈ ગયા છે.માહિતી પ્રમાણે, સ્કૂલમાં ભણતા ધોરણ ૭ના એક વિદ્યાર્થીને અન્ય ત્રણ વિદ્યાર્થીઓએ બાથરૂમમાં લઈ જઈને માર માર્યાની ગંભીર ફરિયાદ નોંધાઈ છે. આ સમગ્ર મામલે ખોખરા પોલીસ સ્ટેશનમાં વાલીએ ફરિયાદ નોંધાવતા ઘટના પ્રકાશમાં આવી છે. ફરિયાદ પ્રમાણે, ધોરણ ૭ના વિદ્યાર્થીને ૩ વિદ્યાર્થીઓએ માર મારીને શર્ટના બટન તોડી નાખ્યા. મોનિટર વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થીઓને લાઇનમાં આવવા કહ્યું હતું. આ વાતને લઈને ત્રણ વિદ્યાર્થીઓએ અદાવત રાખી હતી. ત્યારે આદવતમાં ત્રણ વિદ્યાર્થીઓએ પીડિત વિદ્યાર્થીને શર્ટ પર બ્લેડ મારી બટન તોડી નાખી માર માર્યો હોવાનું સામે આવ્યું છે.

# ૨૦ રૂપિયાની લાંચના આરોપમાં ૨૦ વર્ષની લડત, નિર્દોષ જાહેર થયા બાદ રાત્રે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું

## નજીવી રકમની લાંચના આક્ષેપમાં ફસાયેલા પોલીસ કોન્સ્ટેબલને લાંબી કાનૂની લડત બાદ હાઈકોર્ટે નિર્દોષ છોડી મૂકવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો



અમદાવાદ,

ગુજરાતમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે, જેમાં માત્ર ૨૦ રૂપિયા જેવી નજીવી રકમની લાંચના આક્ષેપમાં ફસાયેલા પોલીસ કોન્સ્ટેબલને લાંબી કાનૂની લડત બાદ ગુજરાત હાઈકોર્ટે નિર્દોષ છોડી મૂકવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.

આ ચોંકાવનારો કિસ્સો ગુજરાતના અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારનો છે. અહીં વર્ષ ૧૯૯૭માં બનેલી એક એવી ઘટના બની હતી, જેમાં સતત ૨૦ વર્ષ સુધી ન્યાય માટે લડત લડ્યા બાદ આખરે સુખદ અંત આવ્યો છે. આ કેસમાં એક પોલીસ કોન્સ્ટેબલને માત્ર ૨૦ રૂપિયાની લાંચ લેવાના આરોપમાં સેશન્સ કોર્ટ દ્વારા સજા ફટકરવામાં આવી હતી. ઘટના એવી છે કે, અમદાવાદના વેજલપુરમાં વર્ષ ૧૯૯૭માં એક પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈ પ્રજાપતિને માત્ર ૨૦ રૂપિયાની લાંચ લેવાના આરોપ લાગ્યો હતો, જેમાં એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ટ્રેપ ગોઠવી તેમની ધરપકડ કરવામાં આવી હતી. લાંચ લેવા મામલે કેસ કોર્ટમાં ચાલતા તે સમયે પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈને નામદાર સેશન્સ કોર્ટે તેમને દોષિત ઠેરવીને સજાનો હુકમ કર્યો હતો. ત્યારબાદ બાબુભાઈ ૨થી ૩ મહિના જેલમાં રહ્યા હતા. સેશન્સ કોર્ટના ચુકાદાથી તેમની કારકિર્દી અને સામાજિક પ્રતિષ્ઠા પર મોટું જોખમ ઊભું થયું હતું.

જો કે, આ અન્યાય સામે બાબુભાઈએ હારી ન માની અને સેશન્સ કોર્ટના આદેશને પડકારતા બાબુભાઈએ એડવોકેટ નીતિન ટી. ગાંધી મારફતે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. કોન્સેટેબલ દ્વારા ન્યાય મેળવવા માટે હાઈકોર્ટમાં કરવામાં આવેલી અપીલ બાદ ૨૦ વર્ષની લાંબી કાનૂની લડત લડ્યા બાદ તારીખ ૦૪/૦૨/૨૦૨૬ના રોજ નામદાર જજ એસ.વી. પિન્ટોએ કેસની ગંભીરતાને ધ્યાને લઈ બાબુભાઈ પ્રજાપતિને લાંચ લેવાના આરોપોમાંથી નિર્દોષ જાહેર કરીને છોડી મૂકવાનો ઐતિહાસિક હુકમ કર્યો છે.

આખરે બે દાયકા સુધી લાંબી કાનૂની લડત લડ્યા બાદ હાઈકોર્ટે પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈને નિર્દોષ છોડ્યા પછી તેમના વકીલને મળવા માટે પહોંચ્યા હતા.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રકૃતિના સંવર્ધન અને સંરક્ષણની દૂરંદેશીતાએ

# છારીઢાંઢ જળપ્લાવિત વિસ્તારને વૈશ્વિક ઓળખ અપાવી

## છારીઢાંઢનાં જળપ્લાવિત વિસ્તારને જોવા માટે બાવનથી વધુ દેશોના વિદેશી પ્રવાસીઓની અત્રેની નિયમિત મુલાકાત વન અને પર્યાવરણ મંત્રીઅર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને છારીઢાંઢને મળેલું વૈશ્વિક રામસર સાઈટનુ પ્રમાણપત્ર વિધિવત અર્પણ કર્યું

ગાંધીનગર,તા.૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રકૃતિના સંવર્ધન અને સંરક્ષણની દૂરંદેશીતાના પરિણામે કચ્છના છારીઢાંઢ જળપ્લાવિત વિસ્તારને વૈશ્વિક સ્તરે મહત્વ ધરાવતા જળપ્લાવિત વિસ્તારોમાં (રામસર સાઈટ)સ્થાન મળ્યું છે.છારીઢાંઢ વેટલેન્ડ કન્ઝર્વેશન રિઝર્વને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સત્તાવાર રીતે 'રામસર સાઈટ' (આંતરરાષ્ટ્રીય મહત્વનું ધરાવતો જળપ્લાવિત વિસ્તાર) તરીકે જાહેર કરવામાં આવ્યું અને એ સાથે જ ભારતની જળપ્લાવિત વિસ્તારોનાં સંરક્ષણની યાત્રામાં નવું છોગુ ઉમેરાયું. વન વિભાગ તરફથી વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળીને છારીઢાંઢને મળેલા વૈશ્વિક રામસર સાઈટનાં પ્રમાણપત્રને વિધિવત રીતે અર્પણ કર્યુ હતું. મુખ્યમંત્રીએ આ સિદ્ધિ બદલ મંત્રી અને સમગ્ર વન વિભાગની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે છારીઢાંઢ ગુજરાતનું પાંચમું અને કચ્છનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા જળપ્લાવિત વિસ્તાર તરીકે 'રામસર' સાઈટનું પ્રમાણપત્ર મળ્યું છે. છારીઢાંઢ રણ અને ઘાસનાં મેદાનોની વચ્ચે આવેલો જળપ્લાવિત વિસ્તાર છે, જ્યાં દર વર્ષે હજારો પ્રવાસી પક્ષીઓ આવે છે. તેમાં વૈશ્વિક સ્તરે મહત્વ ધરાવતા ગ્રે હાયપોકોલિયસ (Hypocolius ampelinus) પક્ષીનો સમાવેશ થાય છે. અહીં મહત્વની વાત નોંધવી રહી કે, વર્ષ ૨૦૦૮માં, જયારે શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઈઓ હેઠળ છારીઢાંઢને ગુજરાતનું પ્રથમ કન્ઝર્વેશન રિઝર્વ જાહેર કરવામાં આવ્યું હતું અને તેના સરંક્ષણ માટે જરૂરી તમામ પગલાઓ લેવામાં આવ્યા અને આજે તેના ફળસ્વરૂપે, છારીઢાંઢને વૈશ્વિક ઓળખ મળી. છારીઢાંઢ વિશ્વભરના પક્ષીપ્રેમીઓ અને સંશોધકો માટે પસંદગીનું સ્થળ બની ગયું છે.





વિવિધ દેશોનાં પ્રવાસીઓને ભારતમાં લાવવા માટે કામ કરતા ટૂર ઓપરેટર્સ અને પક્ષિવિજ્ઞાનીઓનાં જણાવ્યા મુજબ, છાંરીઢાંઢમાં આવતા કુલ પ્રવાસીઓમાં ૮૦ ટકાથી વધુ પ્રવાસીઓ વિદેશથી આવે છે. વિદેશથી આવતા પ્રવાસીઓમાં મુખ્યત્વે અમેરિકા, ઈંગ્લેન્ડ, અને ઓસ્ટ્રેલિયા તથા ફિનલેન્ડ, હોલેન્ડ, નેધરલેન્ડ જેવાં નોર્ડિક દેશોનાં પ્રવાસીઓનો સમાવેશ થાય છે.

અત્યાર સુધી બાવન (૫૨)થી વધુ દેશોનાં પ્રવાસીઓ છારીઢાંઢની મુલાકાત લઈ ચુક્યા છે અને આ દેશોમાંથી નિયમીતરીતે આ વિસ્તારની જૈવવિવિધતા જોવા માટે અહીં આવે છે.

છારીઢાંઢનો જળપ્લાવિત વિસ્તાર પક્ષી નિરીક્ષકો માટે મહત્વનું સ્થળ છે. કેમ કે, અહીયા એક સાથે બે લાખથી વધુ પક્ષીઓ જોવા મળી જાય છે અને ૧૮૭થી વધુ પ્રજાતિનાં પક્ષીઓ અહીં નોંધાયા છે. ખાસ કરીને એક જ સ્થળે ૪૦,૦૦૦થી વધુ કુંજ (કોમન ક્રેન) પક્ષીઓ જોવા મળે છે.

છારીઢાંઢની આસપાસ કુલ ૨૮૩ પ્રજાતિનાં પક્ષીઓ નોંધાયા છે, જેમાં ૧૧ વૈશ્વિક સ્તરે જોખમગ્રસ્ત અને ૯ 'નિયર થ્રેટન્ડ' પ્રજાતિનાં પક્ષીઓનો સમાવેશ થાય છે, જે તેના ઊંચા સંરક્ષણ મૂલ્યને દર્શાવે છે.

કોઈપણ જળપ્લાવિત વિસ્તારને રામસર સાઈટનો દરજ્જો મેળવવતા માટે તેનાં કેટલાક માપદંડોમાંથી પસાર થવું પડે છે. રામસર સાઈટ બનવા માટે જળપ્લાવિત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત નવ માપદંડોમાંથી ઓછામાં ઓછો એક માપદંડ પૂર્ણ કરવો જરૂરી હોય છે. આ માપદંડોને બે મુખ્ય શ્રેણીમાં વહેંચવામાં આવ્યા છે— પ્રતિનિધિત્વ કરતા, દુર્લભ અથવા અનોખા જળપ્લાવિત પ્રકારો અને જૈવ વિવિધતા આધારિત માપદંડો. છારીઢાંઢે તેના દુર્લભ જળપ્લાવિત વિસ્તાર,ઊંચી જૈવ વિવિધતા અને સેન્ટ્રલ એશિયન ફ્લાયવે પર પ્રવાસી પક્ષીઓ માટે મહત્વપૂર્ણ નિવાસસ્થાન હોવાને કારણે રામસર સાઈટનાં માપદંડો પૂર્ણ કર્યા છે.ગ્રે હાયપોકોલિયસ (Hypocolius ampelinus) જેવા દુર્લભ અને વૈશ્વિક સ્તરે મહત્વ ધરાવતા શિયાળુ પ્રવાસી પક્ષીઓ માટે છારીઢાંઢ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતું છે, સાથે જ અનેક અન્ય જોખમગ્રસ્ત અને સ્થાનિક રીતે મહત્વપૂર્ણ જાતિઓ પણ અહીં જોવા મળે છે.

### સરકાર દ્વારા લેવામાં આવેલા વન્ય જીવોના સંરક્ષણ માટેના પગલા

જૈવિક સમૃદ્ધિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ઓગસ્ટ ૨૦૦૮માં છારીઢાંઢને કન્ઝર્વેશન રિઝર્વ તરીકે જાહેર કર્યું હતું. રાજ્યનું આ પ્રથમ કન્ઝર્વેશન રિઝર્વ હતું. આજે છારીઢાંઢ કચ્છ જિલ્લામાં સર્વાધિક પક્ષી વૈવિધ્ય ધરાવતું સ્થળ છે, જ્યાં ૧૮૭ પ્રજાતિનાં પક્ષીઓ જોવા મળ્યાં છે. જે રાજ્યની કુલ પક્ષી વૈવિધ્યતાના ૩૫ ટકાથી વધુનું પ્રતિનિધિત્વ કરે છે. માત્ર એપ્રિલ ૨૦૨૫માં જ આશરે ૫૦૦થી ૬૦૦ ગ્રે હાયપોકોલિયસ પક્ષીઓ અહીં જોવા મળ્યા હતા. છારીઢાંઢ જળપ્લાવિત વિસ્તાર ૨૨,૭૦૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું છે અને તે૧૨ ગામોને આરી લે છે.

# મોટીખાવડીમાં હોટલમાંથી ૮૩ લાખના હેરોઈન સાથે ચાર પંજાબી ઝડપાયા

## આરોપીઓ પાસેથી હેરોઇનનો જથ્થો, રોકડ રૂપિયા, ૭ મોબાઈલ અને વજન કાંટો કબ્જે કર્યો, સપ્લાયરની શોધખોળ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના મોટીખાવડી વિસ્તારમાં મજૂરોની વસાહતની વચ્ચે નશાકારક પદાર્થને ઘુસાડવા માટેનું મોટું નેટવર્ક એસ.ઓ.જી. શાખાની ટુકડીએ પકડી પાડ્યું છે. પંજાબથી હેરોઈનનો માતબર જથ્થો લઈને એક હોટલમાં ઉતરેલા ૪ પંજાબી શખ્સોને ગઈ રાત્રે ઝડપી લીધા છે, અને તેઓની પાસેથી ૮૩ લાખથી વધુની કિંમતનો નશાકારક પદાર્થ હેરોઈનનો જથ્થો કબજે કરી લઇ વધુ પૂછપરછ હાથ ધરી છે. જેઓની પૂછપરછમાં પંજાબના મુખ્ય સપ્લાયરનું નામ ખુલ્યું છે. જેથી તપાસનો દોર પંજાબ સુધી લંબાવાયો છે.

જામનગર જીલ્લામાં નશીલા પદાર્થના વેપાર ઉપર રોક લગાવવા અને નશાખોરી રોકવા માટે 'નો ડ્રગ્સ ઇન જામનગર' હેઠળનું અભિયાન ચલાવવા માટે જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈનીએ એસ.ઓ.જી. શાખાને સૂચના આપી હતી જેથી સ્ટાફ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન.ચૌધરી તથા પોલીસ સબ ઈન્સપેકટર એ.વી. ખેરના માર્ગદર્શન મુજબ ગ્રામ્ય વિસ્તારમા પેટ્રોલીંગ હાથ ધરાયુ હતું.

જેમાં પૂર્વ બાતમીના આધારે મોટી ખાવડી ગામે આવેલી હોટલ ૬૬૬ ના રૂમ નં-૨૦૨ માં દરોડો પાડ્યો હતો. જ્યાં ઉતરેલા અને મૂળ પંજાબના વતની વિશાલસિંગ જસબીરસિંઘ મટુ, હરપ્રીતસિંગ તેજાસિંઘ મજવી, બિક્રમજીતસિંગ અમરજીતસિંઘ મરવી અને જગદિપસિંગ લખબિરસિંઘ ખેહરા કેફી માદક પદાર્થ હેરોઈન ૪૧૮ ગ્રામ કી. જેની બજાર કિંમત રૂા. ૮૩,૬૦,૦૦૦ થવા જાય છે, જેની સાથે મળી આવ્યા હતા.

આથી એસ.ઓ.જી. પોલીસે નસીલા પદાર્થ હેરોઈનનો જથ્થો અને રોકડા રૂપિયા, સાત મોબાઈલ ફોન, વજન કાટો વિગેરે મળી કુલ કિંમત રૂપિયા ૮૪,૧૪,૦૦૦ ના મુદ્દામાલ કબજે કરી લઈ તમામ ઈસમો વિરૂધ્ધ મેઘપર (પડાણા) પોલીસ મથકમાં એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી), ૨૨(સી), ૨૯ મુજબ ગુનો દાખલ કરાવી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

વધુમાં આરોપીઓની પૂછપરછ હાથ ધરતા ઉપરોક્ત જથ્થો અમૃતસર- પંજાબમાં રહેતા ફિલિપ્સ ઉર્ફે ફૌજી નામના શખ્સ દ્વારા સપ્લાય કરવામાં આવ્યો હોવાથી તેને ફરારી જાહેર કરી તપાસનો દોર પંજાબ સુધી લંબાવાયો છે.

## ભાણવડના સાજડીયારી ગામે ખેતરમાંથી ૬.૩૮ લાખના કોપર પ્લેટ ચોરી જતા તસ્કરો

ખંભાળિયા : ભાણવડ તાલુકાના સાજડીયારી ગામમાં આવેલા એક ખેતરમાં તસ્કરો ખાબકી કોપરની પ્લેટોની ચોરી કરી લઈ ગયા હોય જે બનાવ અંગે ભાણવડ પોલીસમાં ફરિયાદ નોંધાવવામા આવતા પોલીસે સ્થળપર દોડી જઈ ગુન્હો દાખલ કરી તસ્કરોની શોધખોળ આરંભી છે.

મળતી માહિતી મુજબ ભાણવડ તાલુકાના સાજડીયારી ગામના પાટીયા પાસે આવેલા રામભાઈ કેશવાલાના ખેતરમાં ગત તા. ૫ ના રોજ કોઈ અજાણ્યા તસ્કરો ખાબક્યા હતા અને કોપર પ્લેટના ૪૪ બંચ જેમાં એક બંચમાં બે પ્લેટ હોય જે નાની મોટી ૮૮ પ્લેટ જેનો વજન આશરે ૫૩૨ કિલ્લો થતો હોઇ કુલમળી રૂપિયા ૬.૩૮ લાખના મુદ્દામાલની ચોરી કરી લઈ જતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે જામનગરમાં ગોકુલનગર ખાતે રહેતા અને ખાનગી સિક્યુરિટી એજન્સીમાં નોકરી કરતા કિરણભાઈ ઉર્ફે કરણભાઈ રાણાભાઇ નંદાણીયાએ ભાણવડ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવતા પી. એસ. આઈ. બી. કે. કડછાએ આગળની તપાસ હાથ ધરી તસ્કરોને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## મોટી ખાવડી નજીક બે વાહનોની વચ્ચે રિક્ષા સેન્ડવીચ થઈ ચાર વ્યક્તિ ઘાયલ

જામનગર : જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર મોટી ખાવડી નજીક ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. બે ભારે વાહનોની વચ્ચે એક પેસેન્જર રીક્ષા સેન્ડવિચ થઈ હતી, જે રિક્ષામાં બેસીને જામનગરથી વાડીનાર દરગાહે દર્શન કરવા માટે ગયેલી ત્રણ મહિલાઓ અને રિક્ષાચાલક સહિત ચાર વ્યક્તિ ઘાયલ થઈ છે, જે તમામને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરના બેડી વિસ્તારમાં રહેતા રીક્ષા ચાલક હુસેનભાઇ ઈસ્માઇલભાઈ જેડા (૩૨) કે જેઓ પોતાના આજુબાજુના વિસ્તારમાં રહેતી ત્રણ મહિલાઓ જરીનાબેન, જેતુનબેન અને હુરબાઈબેન, કે જે ત્રણેયને વાડીનાર દરગાહે દર્શન કરવા જવું હોવાથી ત્રણેયને રિક્ષામાં બેસાડીને વાડીનાર ગયા હતા, અને ત્યારથી જામનગર પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન મોટી ખાવડી પાસે રીક્ષાની પાછળ આવી રહેલા કોઈ અજાણ્યા ભારે વાહનના ચાલકે રિક્ષાને જોરદાર ટક્કર મારી દીધી હતી, જે અકસ્માતમાં રીક્ષા આગળ જઈ રહેલા એક ટેન્કરમાં ઘૂસી ગઈ હતી, અને રીક્ષા બન્ને વાહનની વચ્ચે સેન્ડવીચ થઈ ગઈ હતી.

આ અકસ્માતમાં રીક્ષા ચાલક હુસેનભાઇ તેમજ પાછળ બેઠેલી ત્રણેય મહિલાઓને નાની મોટી અનેક ઈજાઓ થઈ હતી, અને ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સમાં તમામ ને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જેમાં હુસેનભાઇ જેડાની હાલત નાજુક ગણાવાઇ રહી છે. આ અકસ્માતના બનાવ અંગે રીક્ષાચાલકના ભાઈ અકરમ ઈસ્માઈલભાઈ જેડા ની ફરિયાદ ના આધારે મેઘપર પોલીસે રિક્ષા અને પાછળથી ઠોકર મારનાર અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોધ્યો છે, અને તેની શોધખોળ હાથ ધરી છે.

## ભાણવડના નવાગામ ટીંબા ગામે યુવાનનો ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત

### પત્ની સાથે ઘરકામ બાબતે બોલાચાલી થતા અંતિમ પગલું ભરી લીધું

ખંભાળિયા : ભાણવડ તાલુકાના નવાગામ ટીબા ખાતે રહેતા એક યુવાને પત્ની સાથે ઘરકામ બાબતે બોલાચાલી થતા ટ્રેન હેઠળ ઝંપલાવી જિંદગી ટુકાવી લેતા અરેરાટી ફેલાઈ જવા પામી છે. આ મૃતકના ભાઈ દ્વારા જાણ કરવામાં આવતા ભાણવડ પોલીસે સ્થળપર દોડી જઈ તપાસ હાથ ધરી હતી.

મળતી વિગત પ્રમાણે ભાણવડ તાલુકાના નવાગામ ટીબા ખાતે રહેતા કેશુભાઈ નાથાભાઈ કટારીયા નામના ૩૫ વર્ષના યુવાનને તેના પત્ની સાથે ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી ત્યારબાદ તે પોતાના ઘરેથી મોટરસાયકલ લઈ નીકળી ગયો હતો બાદ મોટા કાલાવડ ગામની ફાટક પાસેથી પસાર થતી ટ્રેન હેઠળ પડતું મૂકી તેણે આપઘાત કરી લેતા પરિવારમાં શોકનુ મોજુ ફરી વળ્યુ છે. આ બનાવ અંગે મૃતકના ભાઈ કમલેશભાઈ નાથાભાઈ કટારીયાએ ભાણવડ પોલીસ મથકે જાણ કરતા એએસઆઈ એમ. એ. રાણા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આગળની કાર્યવાહી આરંભી હતી.

## લાલપુરના દલતુંગી ગામે ખેડૂતની વાડીમાંથી રૂ. ૨.૪૩ લાખની મગફળીની તસ્કરી

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના દલતુંગી ગામે એક ખેડૂતની વાડીમાંથી રૂપિયા ૨.૪૩ લાખની મગફળી કોઈ તસ્કરો ચોરી કરી ગયાની ફરિયાદ તેઓએ પોલીસમાં નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ લાલપુર તાલુકાના દલતુંગી ગામમાં રહેતા અને ખેતી કામ કરતા ઘેલાભાઈ કરસનભાઈ વકાતર નામના ખેડૂતે પોતાની વાડીની ઓરડીમાં રાખેલી રૂપિયા૨,૪૩,૬૦૦ ની કિંમતની ૧૭૪ મણ મગફળીની કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ લાલપુર પોલીસ મથકમાં નોંધાવી છે.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી ખેડૂતે પોતાની વાડીમાંથી મગફળીનો પાક તૈયાર કરીને જુદી જુદી ૮૭ બેગમાં કુલ ૧૭૪ મણ મગફળીનો જથ્થો તૈયાર કરીને ઓરડીમાં રાખ્યો હતો, જે મગફળી ગત ૨૭ જાન્યુઆરીથી ૪ ફેબ્રુઆરી સુધીના સમયગાળા દરમિયાન કોઇ તસ્કરો ચોરી કરી લઈ ગયા હતા. જે ફરિયાદના આધારે લાલપુરના પી.એસ.આઇ કે. એલ. ગળચર અને તેઓની ટીમેં બનાવના સ્થળે દોડી જઇ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## કલ્યાણપુરના ખાખરડા ગામે અકસ્માતે કુવામાં પડી જતા યુવાનનું મોત

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામે કુવો ગાળવાનું કામ કરતી વેળાએ અકસ્માતે કુવામાં પડી જતા ગંભીર ઈજા થવાથી એક પરપ્રાંતિય યુવાનનું કરુણ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસની ટીમ સ્થળપર દોડી ગઈ હતી અને વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજસ્થાન રાજ્યના ભીલવાર તાલુકાના બરાછ ગામમા રહેતો તિલોકસિંહ નેનુસિંહ રાવત નામનો ૨૮ વર્ષનો યુવાન ગત તા. ૨૮ ના રોજ કલ્યાણપુર પંથકના ખાખરડા ગામે આવેલી ધરણાંતભાઈ લખમણભાઇ ગોજીયાની વાડીમાં કુવો ગાળવાનું કામ કરતો હોય દરમ્યાન કુવામાંથી પથ્થરો પડતા તેનો પગ લપસી ગયો હતો આથી પડી જતા તેને માથાના અને છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચતા તાબડતોબ સારવાર અર્થે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસમાં મોહનસિંહ નેનુસિંહ રાવત દ્વારા જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ આગળની કાર્યવાહી આરંભી હતી.

## કાલાવડમાં દારૂની નાની-મોટી ૨૩૬ બાટલી સાથે શખ્સની અટકાયત, સપ્લાયરની શોધખોળ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડમાં વાડી વિસ્તારમાં દારૂ સંતાડયો હોવાની બાતમી પરથી એલસીબી પોલીસે દરોડો પાડ્યો હતો જતા સ્થળ પરથી ૨૩૬ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવતા મુદ્દામાલ સાથે જથ્થા એક શખ્સને ઝડપી લીધો છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી, કે કાલાવડમાં ખોડીયાર પરા વિસ્તારમાં રહેતો કેતન ઉર્ફે પીપીઓ વાલજીભાઈ વૈષ્ણવ નામનો શખ્સ વાડી વિસ્તારમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરી રહ્યો છે, જેથી એલસીબીની ટુકડીએ ગઈ રાત્રે દરોડો પાડયો હતો, અને કેતન વૈષ્ણવને રૂપિયા ૫૯,૫૦૦ ની કિંમતની ૨૩૬ નંગ નાની ઈંગ્લિશ દારૂની બાટલીના જથ્થા સાથે ઝડપી લઈ તેની સામે કાલાવડ પોલીસ મધકમાં દારૂબંધી ભંગ અંગે ગુનો દાખલ કરાવ્યો છે.

આરોપીની પૂછપરછ દરમિયાન તેને ઉપરોકત દારૂનો જથ્થો કાલાવડ તાલુકાના મૂળીલા ગામમાં રહેતા મહિપાલસિંહ ઉર્ફે કાનો મહેન્દ્રસિંહ જાડેજાએ સપ્લાય કર્યો હોવાથી પોલીસે તેને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

